# આત્મધર્મ

## વર્ષ ૨૫

## સળંગ અંક ૨૯૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૨

## ધર્મીનું ચિત્ત

'भक्तामर स्तोत्र' માં ભગવાન ઋષભદેવ પરમાત્માની સ્તુતિ કરતાં સ્તુતિકાર માનતૂંગસ્વામી કહે છે કે હે જિનેન્દ્ર! પહેલાં અજ્ઞાનદશામાં અનેક કુદેવોને દેખ્યા; પરંતુ આપના જેવા વીતરાગ–સર્વજ્ઞપરમાત્માને દેખ્યા પછી હવે બીજા કોઈ પ્રત્યે અમારું ચિત્ત લાગતું નથી. તેમ સાધકધર્માત્મા કહે છે કે હે નાથ! સંયોગને અને રાગને અમે જોઈ લીધા, અજ્ઞાનપણે રાગનો સ્વાદ પણ ચાખી લીધો, પણ હવે આપે બતાવેલા અમારા આ પરમ ચિદાનંદસ્વભાવને જોયો; અચિંત્યશક્તિવાળા આ ચૈતન્યદેવને દેખ્યા પછી હવે આ ચૈતન્ય સિવાય બીજે ક્યાંય કોઈ પરભાવમાં અમારું ચિત્ત લાગતું નથી. આવા સ્વભાવની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે, ને તે સમ્યદર્શન કેવળજ્ઞાનને નિમંત્રે છે– બોલાવે છે.

卐 卐 卐

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી 卐 સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૪ મહા (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૫: અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# જીવાભાઈને અત્તાભાઈની વાત

જીવો :– એલા અત્તાભાઈ ! આપણા ગામના રાજા પાસે તો ભારે મોટો વૈભવ !

અત્તા :– અરે, એના કરતાં તો દિલ્હીના પ્રધાનોનો વૈભવ ચડી જાય !

જીવો :– પણ ઇંગ્લેંડની રાણીનો વૈભવ તો કેટલો બધો ?

અત્તા :– પણ તેં અમેરીકા જોયું નથી લાગતું ? –ત્યાં તો ઘરે ઘરે મોટરું હોય !

જીવો :– પણ શાસ્ત્રમાં તો સાંભળ્યું છે કે એના કરતાંય દેવલોકનો વૈભવ વધી જાય !

અત્તા :– હા; અને ઇન્દ્રો તથા ચક્રવર્તીનો વૈભવ તો તેનાથીયે અપાર છે !

જીવો :– અને છતાં સમ્યગ્દ્રષ્ટિ તે વૈભવને ચાહતા નથી !

અત્તા :– એટલે એનો અર્થ તો એ થયો કે તે બધાય વૈભવ કરતાં 'સમ્યગ્દર્શન' નો વૈભવ ચડી જાય !

જીવો :– હા, જરૂર ! પણ કેવળજ્ઞાનનો વૈભવ તો જગતમાં સર્વોત્કૃષ્ટ છે.

અત્તા :– ને એવો જ વૈભવ આપણી પાસે પણ છે ! તેની તને ખબર છે ?

જીવો :– (આશ્ચર્યથી કહે છે:) હેં ! શું આપણી પાસે એટલો બધો વૈભવ ! ચક્રવર્તી કરતાંય વધુ !

અત્તા :– હા, તારે જોવો છે એ વૈભવ !

જીવો :– જરૂર ! જરૂર ! ઝટ બતાવો.

અત્તા :– એ વૈભવ કહાનગુરુએ બતાવ્યો છે.

જીવો :– પણ મને તો બતાવો ! કેવો છે એ અદ્‌ભુત વૈભવ !

અત્તા :– જીવાભાઈ ! એ અદ્‌ભુત વૈભવ જોવો હોય તો તમે 'આત્મવૈભવ' પુસ્તક વાંચો એટલે તમારા અચિંત્ય વૈભવની તમને ખબર પડશે !

જીવો :– અત્તાભાઈ ! મને જલ્દી એ પુસ્તક આપો.

અત્તા :–એ તો સોનગઢથી મળશે.

જીવો :–કેટલી એની કિંમત છે ?

અત્તા :–આમ તો એની કિંમત સાડાછ રૂા. થઈ છે, પણ ફકત સાડાત્રણ રૂા. માં મળે છે.

જીવો :– અરે, ભલેને સાત બેસે, પણ આજેજ મંગાવી ધો...મને એ મારો વૈભવ જોવાની ખૂબ ઉત્કંઠા છે.

અત્તા :– હમણાં જ મંગાવી આપું છું.

અચ્છા–જયજિનેન્દ્ર

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૪ મહા

વર્ષ ૨૫: અંક ૪

# મુમુક્ષુનું મથન-શુદ્ધચિદ્રૂપરત્ન

ज्ञेयं दृश्यं न गम्यं मम जगति किमप्यस्ति कार्यं न वाच्यं,
ध्येयं श्रव्यं न लभ्यं न च विशदमते श्रेयमादेयमन्यत्।
श्रीमत्सर्वज्ञवाणीजलनिधिमथनात् शुद्धचिद्रूपरत्नं,
यस्मात्लब्धं मयाहो कथमपि विधिनाऽप्राप्तपूर्वं प्रियं च।। १९।।

શુદ્ધચિદ્રુપની પ્રાપ્તિથી જેની મતિ સ્વચ્છ થઈ ચૂકી છે એવા મારે હવે આ જગતમાં શુદ્ધચિદ્રૂપથી અન્ય કાંઈ પણ નથી તો જાણવાયોગ્ય, નથી દેખવાયોગ્ય, નથી ગમ્ય કરવાયોગ્ય–ઢૂંઢવાયોગ્ય, નથી કાંઈ બીજું કાર્ય કરવાયોગ્ય, નથી અન્ય કાંઈ વાચ્ય–કહેવાયોગ્ય, નથી તો કાંઈ ધ્યેય, નથી બીજું કાંઈ શ્રવણયોગ્ય, નથી બીજું કાંઈ લભ્ય–પ્રાપ્ત કરવાયોગ્ય, નથી અન્ય કાંઈ શ્રેયરૂપ કે આશ્રય કરવાયોગ્ય, અને નથી કાંઈ બીજું આદેય–ગ્રહણ કરવાયોગ્ય; કેમકે–મેં કોઈપણ પ્રકારે–મહા પ્રયત્ને શ્રીમત્ સર્વજ્ઞની વાણીરૂપી જલનિધિના મથન વડે શુદ્ધચિદ્રૂપરત્ન પ્રાપ્ત કર્યું છે...અહો! પૂર્વે કદી નહિ પ્રાપ્ત થયેલું અને પ્રિય એવું આ શુદ્ધચિદ્રૂપરત્ન સર્વજ્ઞદેવની વાણીના મથનથી મને પ્રાપ્ત થયું, પછી જગતમાં અન્ય કોઈપણ પદાર્થથી મારે શું પ્રયોજન છે?

(વિશુદ્ધમતિ વડે ભગવાન સર્વજ્ઞદેવની વાણીરૂપ શ્રુતસમુદ્રનું મથન કરી કરીને કોઈપણ પ્રકારની વિધિથી–સર્વ પ્રયત્નથી આ શુદ્ધચિદ્રૂપતત્ત્વ જ જાણવાયોગ્ય છે, તે જ દ્રશ્ય છે, તે જ ગમ્ય છે, તે જ કાર્ય છે, તે જ વાચ્ય છે, તે જ ધ્યેય છે, તે જ શ્રવ્ય છે, તે જ લભ્ય છે, તે જ શ્રેય અને આદેય છે; તે જ પ્રિય કરવાયોગ્ય છે; પૂર્વે કદી તેની પ્રાપ્તિ નથી કરી.)

આ શ્લોક ક્યાંનો છે? તે શોધી કાઢો.

# સુખ વિષે વિચાર

૧હે ભાઈ, તારે સુખી તો થવું છે ને! તો સુખના સ્વરૂપ વિષે તેં કદી વિચાર કર્યો છે? તું એટલો વિચાર કરી જો, કે તેં જે–જે પર વિષયમાં સુખ માન્યું છે તે–તે વિષયમાં આગળ ને આગળ જતાં છેવટે શું પરિણામ આવે છે? ખાવા–પીવા વગેરે કોઈપણ વિષયમાં છેવટે તો કંટાળો જ આવે છે, ને તે છોડીને બીજા વિષય તરફ ઉપયોગ જાય છે. એ રીતે, જો વિષયોના ભોગવટામાં અણગમો જ આવી જાય છે તો તું સમજી લે કે તેમાં ખરેખર તારું સુખ હતું જ નહિ, પણ તેં માત્ર કલ્પનાથી જ સુખ માન્યું હતું. જો ખરેખર સુખ હોય તો તે ભોગવતાં ભોગવતાં કદી કોઈને કંટાળો આવે નહીં. જુઓ, સિદ્ધભગવંતોને આત્માનું સાચું સુખ છે, તો તેમને તે સુખ ભોગવતાં અનંતકાળે પણ કંટાળો આવતો નથી...આત્મિક સુખથી તેઓ તૃપ્ત–તૃપ્ત છે.

હે આત્માર્થી! આત્મા સિવાય કોઈપણ બાહ્ય વિષયમાં સુખ નથી, એ વાત જો તું જરાક વિચાર કરીને જો તો તને પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય તેવી છે. જેમકે–લાડવા ખાવામાં તેં સુખ માન્યું, એક લાડવો ખાધો...બે ખાધા, ત્રણ...ચાર...ખાધા...છેવટે એમ થાય છે કે હવે બસ, હવે લાડવા ખાવામાં સુખ લાગતું નથી. તો સમજી લે કે પાછળથી જેમાં સુખનો અભાવ ભાસ્યો તેમાં પહેલેથી જ સુખનો અભાવ છે. એ રીતે લાડવાના સ્થાને કોઈપણ પરવિષય લઈને વિચાર કરતાં નક્કી થશે કે એ વિષયોમાં સુખ નથી પણ આત્મસ્વભાવમાં જ સુખ છે. એ સ્વભાવસુખ નક્કી કરીને તેની હા પાડ, ને વિષયોમાં સુખની બુદ્ધિ છોડ.

જેમાં ખરેખર સુખ હોય તેમાં ગમે તેટલું આગળ ને આગળ જતાં ક્યારેય પણ કંટાળો ન આવે; સ્વભાવમાં સુખ છે તો તેમાં જેમ–જેમ આગળ વધે છે તેમ–તેમ સુખ વધે છે...તેમાં કંટાળો આવતો નથી, ને વિષયસુખોમાં કંટાળો આવ્યા વિના રહેતો નથી.

પરવિષયો બે પ્રકારના છે–શુભ, અશુભઃ પાપના ભાવમાં તો કંટાળે છે ને મંદિર, ભક્તિ, દયા વગેરે શુભના ભાવમાં પણ લંબાતા લંબાતા છેવટે થાકે છે, ત્યાંથી ખસવાનું મન થાય છે. જો તે શુભમાં સુખ હોય તો ત્યાંથી ખસવાનું મન કેમ થાય? અજ્ઞાની જીવ શુભથી ખસીને શુદ્ધમાં જતો નથી પણ શુભથી ખસીને પાછો અશુભમાં જાય છે, એટલે પરતરફના વિષયમાં જ રહીને શુભ ને અશુભમાં જ ઉપયોગને ભમાવ્યા કરે છે; પણ, 'અત્યાર સુધી પરવલણમાં રહ્યો પણ ક્યાંયથી સુખ અનુભવમાં આવ્યું નહિ, માટે પર તરફના વલણમાં સુખ નથી પણ સ્વ તરફના અંતર્મુખ અવલોકનમાં જ સુખ છે– અતીન્દ્રિયજ્ઞાનમાં જ સુખ છે' –એમ નિર્ણય કરીને જો સ્વ તરફ વળે તો સિદ્ધ ભગવાન જેવા આત્માના સુખનો અનુભવ પ્રગટે, ને વિષયોમાંથી રુચિ ટળી જાય. –આ દશાનું નામ ધર્મ છે.

હે ભાઈ! છેવટે લાંબે કાળે પણ તારે વિષયોમાં (–શુભ કે અશુભમાં) કંટાળીને તેમાં સુખની ના પાડવી પડે છે, તો વર્તમાનમાં જ સ્વભાવના સુખની હા પાડીને વિષયોમાં સુખની ના પાડ ને! વિષયોના લક્ષે વિષયોના સુખની ના પાડે છે તેથી તે 'ના' ટકતી નથી, ને પાછો બીજા ઇન્દ્રિયવિષયોમાં જ તું લીન થાય છે. જો સ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિથી હા પાડીને તે વિષયસુખની ના પાડે તો તે 'હા' અને 'ના' બંને યથાર્થ ટકશે, ને આગળ જતાં અતીન્દ્રિય કેવળ સુખ પ્રગટશે. એ રીતે આત્માર્થીને પહેલેથી જ સ્વલક્ષે ઇન્દ્રિય તરફના વલણમાંથી આદરબુદ્ધિ ટળી જવી જોઈએ, ને અતીન્દ્રિય સુખની પરમ આદરપૂર્વક શ્રદ્ધા થવી જોઈએ, તે જ અતીન્દ્રિય સુખ પ્રગટવાનો ઉપાય છે.

તમને ખબર છે?

ચાંદો મોટો કે સૂરજ?

ચાંદો ઊંચો કે સૂરજ?

જવાબ આવતા અંકે.

# સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે તો સુગમ છે

卐 આત્માના અનુભવની ઉત્તમ પ્રેરણા આપતું આ પ્રવચન

卐 પૂ. બેનશ્રી-બેન દ્વારા લિખિત સમયસાર-પ્રવચનોમાંથી લીધું છે.

ભેદજ્ઞાન માટેની પ્રેરણાનો આ શ્લોક છે:

अयि ! कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभवभवभूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसंतं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।। २३।।

શ્રી આચાર્ય દેવ કોમળ સંબોધનથી કહે છે કે ભાઈ ! તું કોઈ પણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્તદ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિ મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

મિથ્યાદ્રષ્ટિના મિથ્યાત્વનો નાશ કેમ થાય ? અને ઊંધી માન્યતા ને ઊંધા પાપ અનાદિનાં કેમ ટળે ? તેનો ઉપાય બતાવે છે.

આચાર્યદેવ કડક સંબોધન કરીને કહેતા નથી પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે ભાઈ ? આ તને શોભે છે ! કોમળ સંબોધન કરીને જગાડે છે કે રે જીવ, તું કોઈ પણ રીતે–મહાકષ્ટે અથવા મરીને પણ–મરણ જેટલા કષ્ટ આવે તોપણ તે બધું સહન કરીને તત્ત્વનો કૌતૂહલી થા.

જેમ કૂવામાં કોશીયો મારી તાગ લાવે છે તેમ જ્ઞાનથી ભરેલા ચૈતન્ય કૂવામાં પુરુષાર્થરૂપ ઊંડો કોશિયો મારી તાગ લાવ. વિસ્મયતા લાવ, દુનિયાની દરકાર છોડ. દુનિયા એકવાર તને ગાંડો કહેશે, ભંગડભૂત પણ કહેશે. દુનિયાની અનેક પ્રકારની પ્રતિકૂળતા આવે તોપણ તેને સહન કરીને, તેની ઉપેક્ષા કરીને, ચૈતન્ય ભગવાન કેવા છે તેને જોવાને એક વાર કૌતુહલ તો કર ! જો દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રોકાઈશ તો તારા ચૈતન્ય ભગવાનને તું જોઈ શકીશ નહિ, માટે દુનિયાનું લક્ષ છોડી દઈ અને તેનાથી એકલો પડી એકવાર મહાન કષ્ટે પણ તત્ત્વનો કૌતુહલી થા !

જેમ સૂતર અને નેતરને મેળ ખાય નહિ તેમ જેને આત્માની ઓળખાણ કરવી હોય તેને અને જગતને મેળ નહિ ખાય. સમ્યગ્દષ્ટિરૂપ સૂતર અને મિથ્યાદ્રષ્ટિરૂપ નેતરને મેળ નહિ ખાય. આચાર્ય દેવ કહે છે કે હે બંધુ! તું ચોરાશીના કૂવામાં પડયો છે, તેમાંથી પાર પામવા માટે ગમે તેટલા પરિષહો કે ઉપસર્ગો આવે, મરણ જેટલાં કષ્ટો આવે તોપણ તેની દરકાર છોડીને, પુણ્ય–પાપરૂપ વિકારભાવનો બેઘડી પાડોશી થા, તો ચૈતન્યદળ તને જાુદું જણાશે. 'શરીરાદિ તથા શુભાશુભ ભાવ એ બધું મારાથી જાુદું છે ને હું એનાથી જુદો છું, પાડોશી છું, એમ એક વાર પાડોશી થઈ આત્માનો અનુભવ કર.

સાચી સમજણ કરીને નજીકમાં રહેલા પદાર્થોથી હું જુદો, જાણનાર–દેખનાર છું; શરીર, વાણી મન તે બધાં બહારનાં નાટક છે, તેને નાટકસ્વરૂપે જો. તું તેનો સાક્ષી છો, સ્વાભાવિક અંતરજ્યોતિથી જ્ઞાનભૂમિકાની સત્તામાં આ બધું જે જણાય છે તે હું નહિ પણ તેને જાણનારો તેટલો હું–એમ સ્વતત્ત્વને જાણ તો ખરો! અને તેને જાણીને તેમાં લીન તો થા! આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા પ્રગટ થાય છે તેનું આશ્ચર્ય લાવી એકવાર પરદ્રવ્યોનો પાડોશી થા.

જેમ મુસલમાનનું ઘર અને વાણિયાનું ઘર નજીક–નજીક હોય તો વાણિયો તેનો પાડોશી થઈ રહે છે પણ તે મુસલમાનનું ઘર પોતાનું માનતો નથી? તેમ તું પણ ચૈતન્યસ્વભાવમાં ઠરી પર પદાર્થોનો બે ઘડી પાડોશી થા, આત્માનો અનુભવ કર.

શરીર, મન વાણીની ક્રિયા તથા પુણ્ય–પાપના પરિણામ તે બધું પર છે. ઊંધા પુરુષાર્થવડે પરનું માલિકીપણું માન્યું છે, વિકારી ભાવ તરફ તારું બહારનું લક્ષ છે, તે બધું છોડી, સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરી, એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી છૂટો પડી ચૈતન્યમૂર્તિને છૂટો જો. તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તુરત જ છોડી શકશે. '**झटिति**' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે કેમકે તારા સ્વભાવની છે. કેવળજ્ઞાન–લક્ષ્મીને સ્વરૂપસત્તાભૂમિમાં ઠરીને જો, તો પર સાથેના મોહને ઝટ દઈને છોડી શકીશ.

ત્રણ કાળ ત્રણ લોકની પ્રતિકૂળતાના ગંજ એક સાથે સામા આવીને ઊભા રહે તોપણ માત્ર જ્ઞાતાપણે રહીને તે બધું સહન કરવાની શક્તિ આત્માના જ્ઞાયક–સ્વભાવની એક સમયની પર્યાયમાં રહેલી છે. શરીરાદિથી ભિન્નપણે આત્માને જાણ્યો તેને એ પરિષહોના ગંજ જરા પણ અસર કરી શકે નહિ એટલે કે ચૈતન્ય પોતાના વેપારથી જરા પણ ડગે નહિ.

કોઈ જીવતા રાજકુમારને–કે જેનું શરીર કોમળ છે તેને જમશેદપુરની અગ્નિની ભઠ્ઠીમાં એકદમ નાખી દે અને તેને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી

નરકે છે, અને પહેલી નરક કરતાં બીજી, ત્રીજી આદિ સાતમી નરકે એક એકથી અનંતગણું દુઃખ છે. એવા અનંતા દુઃખની પ્રતિકૂળતાની વેદનામાં પડેલો, મહાઆકરાં પાપ કરીને ત્યાં ગયેલો, તીવ્ર વેદનાના ગંજમાં પડેલો, છતાં તેમાં કોઈવાર કોઈ જીવને એવો વિચાર આવે કે અરેરે! આવી વેદના! આવી પીડા! એવા વિચારો કરતાં સ્વસન્મુખ વેગ વળતાં સમ્યગ્દર્શન થઈ જાય છે; ત્યાં સત્સમાગમ નથી પણ પૂર્વે એકવાર સત્સમાગમ કર્યો હતો, સત્‌નું શ્રવણ કર્યું હતું અને વર્તમાન સમ્યક્ વિચારના બળથી, સાતમી નરકની મહાતીવ્ર પીડામાં પડેલો છતાં, પીડાનું લક્ષ ચૂકી જઈને સમ્યગ્દર્શન થાય છે, આત્માનું વેદન થાય છે. સાતમી નરકમાં રહેલા સમ્યગ્દર્શન પામેલા જીવને તે નરકની પીડા અસર કરી શકતી નથી, કારણકે તેને ભાન છે કે મારા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને કોઈ પર પદાર્થ અસર કરી શકતો નથી. એવી અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને? મનુષ્યપણું પામીને રોદણાં શું રોયાં કરે છે? હવે સત્સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે કે પરિષહ આવ્યે પણ ડગે નહિ ને બે ઘડી સ્વરૂપમાં લીન થાય તો પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે, જીવનમુક્ત દશા થાય અને મોક્ષદશા થાય; તો પછી મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે તો સુગમ છે.

## સિદ્ધના સન્દેશ

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદયપલટો થઈ જાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય, આંધળામાંથી દેખતો થાય; અંતરની જ્યોત જાગે તેની દશાની દિશા આખી ફરી જાય; જેને અંતરપલટો થાય તેને કોઈને પૂછવા જવું ન પડે, તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ, સિદ્ધના સંદેશા આવી ચૂકયા છે, હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો, તેમાં બીજું કાંઈ થાય નહિ, ફેર પડે નહિ.

(–પૂ. બેનશ્રી–બેનલિખિત સમયસાર–પ્રવચનોમાંથી.)

# જ્ઞાનીની જ્ઞાન–વૈરાગ્યશક્તિ

## ( -જે શક્તિના બળથી કર્મની નિર્જરા થતી જાય છે )

( કલશટીકા: નિર્જરાઅધિકાર ઉપરના પ્રવચનમાંથી )

રાગથી જુદા શુદ્ધાત્મસ્વરૂપના અનુભવરૂપ ભેદજ્ઞાનવડે જેણે સંવર કર્યો છે, તે ઉગ્ર જ્ઞાનજ્યોતિ વડે પૂર્વના કર્મોને નિર્જરી નાંખે છે. સંવર–નિર્જરાની દશા પ્રાપ્ત કરીને ધર્મીજીવ આનંદરૂપ થાય છે–મોક્ષને સાધે છે. સમ્યગ્દર્શન થતાં જ આત્મામાં આનંદ થયો ને સંવર–નિર્જરા શરૂ થયા.

અહા, ચૈતન્યના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં હવે ધર્મીજીવને રાગાદિના આકુળસ્વાદ સાથે જરાપણ એકતા થતી નથી, રાગાદિ વડે તેનું જ્ઞાન જરાપણ મુર્છાતું નથી; એટલે રાગાદિ સાથે ઉપયોગની એકતારૂપ આસ્રવ તેને થતો નથી. જ્ઞાનીની પરિણતિ જ્ઞાન–વૈરાગ્યમય થઈ ગઈ છે, તેમાં હવે બંધન કેમ થાય? અહો! તે જ્ઞાનવૈરાગ્યનું કોઈ અદ્ભુત માહાત્મ્ય છે કે જ્ઞાનીને બંધન થતું નથી. ઉપયોગમાં એકતારૂપ જ્ઞાન, અને રાગથી ભિન્નતારૂપ વૈરાગ્ય–આવા જ્ઞાન–વૈરાગ્યસહિત શુદ્ધાત્માનો અનુભવ હોય છે. તે પર્યાયમાં રાગનો કે કર્મનો પ્રવેશ થતો નથી. કર્મનો ઉદય આવીને નિર્જરી જાય છે પણ બંધનું કારણ થતો નથી–એવું અનુભવનું સામર્થ્ય છે.

અંતરની અનુભવદશામાં તો જ્ઞાની રાગને કે તેના ફળને ભોગવતો જ નથી, તેનાથી વિરક્ત જ રહે છે. તે બાહ્યસામગ્રી વચ્ચે દેખાય, રાગ પણ થતો હોય, પણ અંદરની જ્ઞાનદશામાં ધર્મીને તે રાગ સાથે કે સામગ્રી સાથે જરાય લાગતું–વળગતું નથી, તેનાથી જુદી જ જ્ઞાનપરિણતિ વર્તે છે. તે પરિણતિ કર્મનો અભાવ કરી નાંખે છે.

જેમ અલિપ્ત સ્વભાવવાળું કમળ કાદવથી લેપાતું નથી, તેમ રાગથી અલિપ્ત એવો ધર્મીનો ઉપયોગ છે તે કર્મથી લેપાતો નથી. ઉપયોગમાં રાગની ચિકાસ નથી તેથી સંયોગ વચ્ચે પણ તેને બંધન થતું નથી, તે વખતેય તેનો ઉપયોગ અલિપ્ત વર્તે છે.

જેમ મંત્રનો જાણકાર હોય તે સર્પને કરડાવે છતાં મંત્રબળથી સર્પનું ઝેર તેને ચડતું નથી, તેમ ધર્મી પાસે ભેદજ્ઞાનરૂપી અમોઘ મંત્ર એવો છે કે કર્મફળના ભોગવટારૂપી વિષયોનું ઝેર તેને ચડતું નથી; કેમકે અંદરમાં શુદ્ધચિદ્રૂપના અનુભવરૂપી મંત્ર તેને મોજૂદ છે; તે મંત્ર વિષયોમાં સુખબુદ્ધિરૂપી ઝેરને ( મિથ્યાત્વને ) જરાપણ ચડવા દેતો નથી.

જેમ જીભ એવી લૂખી છે કે ચીકાસ તેને ચોંટતી નથી; તેમ શુદ્ધચૈતન્યરસનો સ્વાદ ચાખનારી ભેદજ્ઞાનરૂપી જીભ એવી લૂખી છે ( રાગની ચીકાસ વગરની, વીતરાગ છે ) કે રાગની ચીકાસ તેને ચોંટતી નથી, રાગથી તે જ્ઞાન જુદું ને જુદું અલિપ્ત જ રહે છે.

અને જેમ સોનાને કાટ લાગતો નથી તેમ ભેદજ્ઞાનરૂપી શુદ્ધ સુવર્ણને વિકારરૂપી કાટ લાગતો નથી. શુભાશુભરાગ વખતેય જ્ઞાનીનું જ્ઞાન તે–રૂપે થઈ જતું નથી, તે કટાતું નથી પણ શુદ્ધજ્ઞાનપણે જ રહે છે.

આ રીતે ( ઉપરોક્ત ચાર દ્રષ્ટાન્તે ) સમ્યગ્દ્રષ્ટિની પરિણતિ જ્ઞાન–વૈરાગ્યરૂપ છે. જ્ઞાન–વૈરાગ્યની તેની કોઈ અમોઘ શક્તિ છે કે જે તેને કર્મનું બંધન થવા દેતી નથી પણ ઉદયાગત કર્મોને ખેરવી નાંખે છે. આ રીતે ભેદજ્ઞાનના બળવડે સમ્યગ્દ્રષ્ટિને નિર્જરા થયા જ કરે છે.

ચૈતન્યના આનંદરસના સ્વાદ પાસે જ્ઞાનીને વિષયોનો રસ કેમ હોય ? ચૈતન્યના પરમ પ્રેમ પાસે શુભરાગનો સ્વાદ પણ જ્ઞાનીને નીરસ લાગે છે. જેણે ચૈતન્યના સુખનો સ્વાદ નથી ચાખ્યો તેને જ શુભરાગનો રસ લાગે છે. શુભરાગ અને તેનું ફળ એ જીવનું સ્વરૂપ જ નથી;– અશુભની તો વાત જ શી ? નરકની ઘોર પ્રતિકૂળતાના વેદન વચ્ચે પણ સમ્યગ્દ્રષ્ટિ જીવ તેનાથી ભિન્ન પોતાના ચૈતન્યસુખને વેદે છે. રાગના વેદનમાં તેના ઉપયોગની એકતા થતી નથી, ચૈતન્યસુખના વેદનમાં જ તેના ઉપયોગની એકતા છે, તેમાં જ તેની પ્રીતિ છે. ચૈતન્યસુખ સિવાય જગતમાં બીજે ક્યાંય ધર્મીને પ્રીતિ નથી. અનુકૂળ–પ્રતિકૂળતાથી પાર ( શુભ–અશુભથી પાર ) તેની ચૈતન્યપરિણતિ ( કમળની જેમ, મંત્રવાદીની જેમ, લૂખી જીભની જેમ, અને સુવર્ણની જેમ–એ ચાર દ્રષ્ટાન્તે ) પરભાવોથી તદ્ન અલિપ્ત છે, તેથી તે કર્મથી લેપાતી નથી પણ મુક્ત જ રહે છે.

જ્ઞાન–વૈરાગ્યસમ્પન્ન સમ્યગ્દ્રષ્ટિ જીવને નિર્જરા થાય છે. તેની જ્ઞાન–વૈરાગ્યશક્તિ કેવી છે ? તે બતાવે છેઃ પ્રથમ તો જ્ઞાન એટલે શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું; અને વૈરાગ્ય એટલે પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્નતારૂપ ભેદજ્ઞાન; એવું ભેદજ્ઞાન થતાં દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મ તરફથી વિરક્ત થઈને જ્ઞાનપરિણતિ પોતાના શુદ્ધસ્વરૂપ તરફ ઝૂકી છે. –આવી જ્ઞાન–વૈરાગ્યશક્તિ સમ્યગ્દ્રષ્ટિને નિયમથી હોય છે. આવી જ્ઞાન–વૈરાગ્યરૂપ પરિણતિમાં કર્મના ફળનો ભોગવટો હોતો નથી એટલે તે ફળ દીધા વગર જ નિર્જરી જાય છે.

ધર્મી શુદ્ધસ્વરૂપને સ્વજ્ઞેયપણે જાણે છે; રાગાદિને ભિન્ન પરજ્ઞેયપણે જાણે છે; એટલે તેનાથી તે વિરક્ત છે. આવી સહજ જ્ઞાન–વૈરાગ્ય પરિણતિ તે ધર્મીનું સાચું

જીવન છે. જેને રાગની રુચિ છે–રાગ સાથે ઉપયોગની એકતા છે તેને સાચો વૈરાગ્ય હોતો નથી, તે તો રાગમાં જ લીન છે. રાગ અને જ્ઞાનની ભિન્નતાના ભેદજ્ઞાનવડે જ સાચો વૈરાગ્ય હોય છે. ને આવા વૈરાગ્યવાળો જીવ જ કર્મોથી છૂટે છે.

“જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે.”

–એમાં આવા ભેદજ્ઞાનસહિતના વૈરાગ્યની વાત છે. એકલા રાગની મંદતા કરીને વનમાં જઈને રહે પણ અંદર તો શુભરાગને કલ્યાણનું સાધન માનીને તેમાં એકતાબુદ્ધિ રાખે તો તે જીવને વૈરાગી કહેતા નથી, તે તો રાગી જ છે, રાગમાં જ લીન છે. અને જેણે શુદ્ધસ્વરૂપના અનુભવપૂર્વક રાગથી પોતાની ભિન્નતા જાણી છે. એવા સમ્યગ્દ્રષ્ટિ જીવ, બહારથી ગૃહવાસમાં દેખાય, રાગ પણ થતો દેખાય છતાં, નિયમથી વૈરાગી છે, રાગમાં તેની પરિણતિ મગ્ન નથી, તેની જ્ઞાનપરિણતિ રાગથી જુદી જે જુદી જ વર્તે છે; રાગના એક અંશને પણ જ્ઞાનમાં ભેળવતા નથી. આ રીતે તેનું જ્ઞાન રાગથી વિરમેલું છે. એટલે ધર્મીને જ્ઞાન અને વૈરાગ્ય બંને સાથે ને સાથે વર્તી રહ્યા છે.

સમ્યગ્દ્રષ્ટિ ક્યાં વર્તે છે? –તે પોતાના શુદ્ધસ્વરૂપના અનુભવમાં જ વર્તે છે, –તેમાં જ પોતાનું અસ્તિત્વ જાણે છે; બાહ્ય પદાર્થોમાં તે રહેતા નથી, રાગમાં તે રહેતા નથી, તેનાથી તો ભિન્ન રહે છે, વિરક્ત રહે છે, તેમાં એકરૂપ કદી થતા નથી. –આવા જ્ઞાન–વૈરાગ્યના બળથી ધર્મી જીવને નિર્જરા થાય છે; અશુદ્ધપરિણતિ છૂટતી જાય છે ને શુદ્ધતા થતી જાય છે.

શુદ્ધસ્વરૂપના જ્ઞાન વગર એટલે શુદ્ધાત્માના અનુભવ વગર સાચી વૈરાગ્ય– પરિણતિ હોતી નથી. ને જ્યાં આવું સાચું જ્ઞાન હોય ત્યાં રાગથી ભિન્નતારૂપ વૈરાગ્ય અવશ્ય હોય છે. માટે સમ્યગ્દ્રષ્ટિ નિયમથી જ્ઞાન–વૈરાગ્ય સમ્પન્ન હોય છે. –તે શું કરે છે? શુદ્ધસ્વરૂપનો લાભ અને પરભાવનો ત્યાગ–એનો નિરંતર અભ્યાસ ભેદજ્ઞાન વડે કરે છે. શુદ્ધ સ્વરૂપના અનુભવનો નિરંતર અભ્યાસ કરે છે. સમયસારનાટકમાં કહે છે કે–

सम्यकवंत सदा उर अन्तर ज्ञानवैराग उभय गुण धारे।
जासु प्रभाव लखे निज लक्षण जीव अजीवदशा निरवारे।।
आतमको अनुभव करिके ह्वै थिर आप तरे अर ओरनि तारे।
साधी सुद्रव्य लहे शिवशर्म सु कर्मउपाधि व्यथा वमि डारे।। ७।।

જુઓ, આવી સમ્યગ્દ્રષ્ટિની દશા છે. નિજલક્ષદ્વારા તે જીવ–અજીવની ભિન્નતા કરે છે. અજ્ઞાનથી જીવ–અજીવની એકતાની હઠ હતી–મિથ્યાત્વ હતું, તે મટીને ભેદજ્ઞાન થયું ત્યાં પરદ્રવ્યથી સર્વથા ભિન્ન એવી શુદ્ધ સ્વવસ્તુનો લાભ થયો. તે સ્વવસ્તુને

રાગથી અત્યંત ભિન્ન સાધીને મોક્ષસુખને પામે છે, ત્યાં કર્મબંધન સર્વથા છૂટી જાય છે. તે પોતે તરે છે ને બીજા પાત્ર જીવોને પણ તરવાનું નિમિત્ત થાય છે. અને આવી ભિન્નતાના ભાન વગર જીવ દુઃખ પામે છે.

અરે જીવ! તારા શુદ્ધસ્વરૂપના આનંદરસનો સ્વાદ લેવા નિરંતર તેનો અભ્યાસ કર. અહા, અનુભવરસની ખુમારીમાં ધર્મી જીવ જગતથી પરમ ઉદાસ છે. આવા અનુભવરસ વગર બહારની આશાથી અરે જીવ! તું ઘરઘર ભટક્યો ને દુઃખી થયો. ભગવાન્! બહારની આશા છોડ ને અંતરમાં અનુભવના રસની એવી ખુમારી ચડાવ કે તે રસ કદી છૂટે નહિ. ધર્મી જીવને ભેદજ્ઞાનના બળે શુદ્ધસ્વરૂપના અનુભવની અદ્‌ભૂત ખુમારી ચડી ગઈ છે, તેને રાગથી અત્યંત ભિન્નતા વર્તે છે. –આવી અનુભવદશા વગર નિર્જરા કે મોક્ષમાર્ગ હોય નહિ. માટે કહે છે કે હે જીવો! જ્ઞાન અને રાગની ભિન્નતાના ભાન વડે શુદ્ધસ્વરૂપના અનુભવનો નિરંતર અભ્યાસ કરો.

◆ ◆ ◆

સમ્યગ્દ્રષ્ટિ તો શુદ્ધાત્માના અનુભવથી નિયમથી જ્ઞાન–વૈરાગ્ય સંપન્ન હોય છે, તેની તો પરિણતિ રાગથી છૂટી પડી ગઈ છે તેથી તેને બંધન થતું નથી–એમ કહ્યું. હવે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ રાગની મીઠાસમાં વર્તતો હોવા છતાં એમ માને કે મને પણ બંધન થતું નથી, –તો તે જીવ પાપી છે. –ભલે કદાચ શુભરાગમાં વર્તતો હોય તોપણ મિથ્યાબુદ્ધિને લીધે તેને પાપી જ કહ્યો છે.

શુદ્ધ ચૈતન્યવિષય–કે જેનો સ્વાદ અત્યંત મધુર આનંદરૂપ છે–તે જેના અનુભવમાં નથી આવ્યો તેને અવશ્ય ઇન્દ્રિયવિષયના ભોગોમાં સુખબુદ્ધિ છે, અને એ જ પાપ છે. ધર્મીને તો ઇન્દ્રિયવિષયોમાંથી પરિણતિ જ છૂટી ગઈ છે ને અંતરના અત્યંત મધુર ચૈતન્યસ્વાદના આનંદમાં એકાગ્ર થઈ છે; ત્યાં બાહ્ય ભોગો કે રાગ એ તો તેને મહા રોગના ઉપસર્ગ જેવા લાગે છે. આવી પરિણતિને લીધે ધર્મીને ભોગ વખતે પણ નિર્જરા થાય છે, ને બંધન થતું નથી. –પણ એ તો અંતરના શુદ્ધ અનુભવનું જોર છે, એના પરિણામ રાગ વગરના અત્યંત લૂખા છે એટલે તે બંધનું કારણ થતા નથી.

–પણ જેનાં પરિણામમાં શુદ્ધસ્વરૂપનો અનુભવ તો છે નહિ, ને રાગમાં લયલીનતાથી જેનાં પરિણામ ચીકણાં છે તે તો બીજા કરોડો ઉપાય કરે તોપણ મિથ્યાત્વાદિ પાપથી બંધાય જ છે, તેથી તે પાપી છે. તે ભલે એમ માની લ્યે કે હું સમ્યગ્દ્રષ્ટિ છું અને મને વિષયભોગોથી પણ બંધન થતું નથી. –પણ અંદર મીઠાસનો રસ છે તે મિથ્યાત્વ જરૂર બંધનું કારણ થાય છે.

જ્ઞાની તો ચૈતન્યના આનંદરૂપી મીઠા અમૃતને પીએ છે. અજ્ઞાની બાહ્યમાં સુખ માનીને ઇન્દ્રિયવિષયોરૂપી ઝેર પીએ છે. પીએ ઝેર અને માને એમ કે હું સુખી છું, –એ તો ભ્રાન્તિ છે. ભ્રાન્તિથી એમ માને કે મને બંધન નથી– તેથી કાંઈ તેનાં

ચીકણાં બંધન છૂટી ન જાય. જેલમાં પુરાયેલો ને બેડીથી બંધાયેલો માણસ મૂર્ખતાથી એમ માને કે હું છૂટો છું–પણ તેથી કાંઈ તે જેલના બંધનમાંથી છૂટી ન જાય. તેમ ચૈતન્યનું જેને ભાન નથી ને મિથ્યાત્વના ચીકણાભાવરૂપી જેલમાં પડયો છે, ને વિષયોમાં સુખબુદ્ધિથી વર્તે છે, છતાં ભ્રાન્તિથી એમ માને કે મને કર્મબંધન થતું નથી, –તો તેથી કાંઈ તે જીવ કર્મથી છૂટી જાય નહિ. મિથ્યાત્વના ચીકણા પરિણામ તો જરૂર બંધનું કારણ થશે.

ચૈતન્યવસ્તુનું જેને વેદન નથી તે કર્મની સામગ્રીમાં મુર્છાઈ જાય છે. ને જેણે ચૈતન્યસુખનો સ્વાદ ચાખ્યો છે તે કર્મની સામગ્રીમાં ક્યાંય મુર્છાતા નથી, તેને તો તે રોગ જેવી જાણે છે, માટે તેને બંધન થતું નથી. કર્મની સામગ્રી એટલે કે પાંચ ઈન્દ્રિયના વિષયોની સામગ્રી તે તો દુશ્મને ઊભી કરેલી સામગ્રી છે, –તેનો પ્રેમ ધર્મીને કેમ હોય? ચૈતન્યના પ્રેમ આડે ધર્મીને તેનો પ્રેમ સ્વપ્નેય થતો નથી, માટે તેને બંધન થતું નથી–એમ જાણવું. એને તો અતીન્દ્રિયઆનંદનો ઉલ્લાસ છે ને રાગનો રંગ ઊતરી ગયો છે. રાગનો જેને રંગ છે, જેનો ઉપયોગ રાગ સાથે એકતાથી રંગાયેલો છે તે તો કર્મ સામગ્રીમાં મગ્ન છે એટલે પાપી છે, ને તેને કર્મબંધન થાય છે; –ભલે તે કદાચ શુભરાગના આચરણમાં મગ્ન હોય તોપણ કર્મસામગ્રીમાં જ મગ્ન હોવાથી નિન્દ્ય છે, તેને બંધન થાય છે. –આમ સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિની પરિણતિમાં જે મોટો ભેદ છે તેને ધર્મી જ જાણે છે. ધર્મી–સમ્યગ્દ્રષ્ટિને જે બંધન થતું નથી તે તો તેની અંદરની અદ્ભુત જ્ઞાન–વૈરાગ્યપરિણતિનો પ્રભાવ છે, જ્ઞાન–વૈરાગ્યની અદ્ભુત શક્તિને લીધે તેને બંધન થતું નથી.

આ અંકમાં પહેલાં પાને છપાયેલ શ્લોક તત્ત્વજ્ઞાન–તરંગિણીના પહેલા અધ્યાયમાં છે. શ્રી જ્ઞાનભૂષણસ્વામી રચિતઆ પુસ્તકમાં નાના–નાના ૧૮ અધ્યાય દ્વારા શુદ્ધચિદ્રૂપની વારંવાર ભાવનાને પુષ્ટ કરીને તેના ધ્યાનની પ્રેરણા આપી છે, અને તે સુગમ છે એમ બતાવ્યું છે. પ્રતિપાદનશૈલી ઘણી સુગમ અને મધુર છે.

અને હવે સાથેસાથે નીચેનો મંગલશ્લોક વાંચો અને તે શ્લોક કયા શાસ્ત્રમાં હશે તે વિચારો.–

( અર્થ સહિત પરિચય આવતા અંકમાં જુઓ. )

चिदानन्दैकरूपाय जिनाय: परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नम: ।।१।।

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

## લેખાંક-૫૯ ( અંક ૨૯૧ થી ચાલુ )

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

દેહથી ભિન્ન નિજસ્વરૂપમાં ઉપયોગને જોડનાર મુનિઓને કદી દુઃખ નથી –એ વાત બતાવી; અને આત્મા પૃથ્વીઆદિથી ઉત્પન્ન થયેલો પદાર્થ નથી પણ અસંયોગી સ્વયંસિદ્ધ વસ્તુ છે –એમ બતાવ્યું. હવે મરણ પછી એટલે કે દેહના વિયોગ પછી પણ આત્માનું અસ્તિત્વ ટકી રહે છે –એ વાત દૃષ્ટાન્તપૂર્વક ગાથા ૧૦૧ માં બતાવે છે–

स्वप्ने दृष्टे विनष्टेऽपि न नाशोस्ति यथात्मनः।
तथा जागरदृष्टेपि विपर्यासाविशेषतः।।

જેમ સ્વપ્નમાં કોઈએ જોયું કે મારો નાશ થઈ ગયો, મારું શરીર છેદાઈ ગયું, –પણ સ્વપ્નમાં દેખેલી તે વાત સાચી નથી, જાગૃત થતાં જ પોતે–પોતાને જીવંત એવો ને એવો દેખે છે, સ્વપ્નમાં જે નાશ દેખ્યો તે તો વિપર્યાસ અને ભ્રમણા છે. તેમ જાગૃત– દશામાં પણ દેહના નાશથી પોતાનો ( આત્માનો ) નાશ થવાનું અજ્ઞાની માને છે તે પણ સ્વપ્નદશાની જેવો જ વિપર્યાસ અને ભ્રમણા છે, ખરેખર આત્માનો નાશ થતો નથી; જેમ જાગૃતદશામાં પોતે એવો ને એવો છે તેમ દેહથી ભિન્ન ચૈતન્યદૃષ્ટિથી જુએ તો આત્મા બીજા ભવમાં અથવા શરીરરહિત સિદ્ધદશામાં એવો ને એવો નિત્ય બિરાજમાન છે. દેહના સંયોગથી આત્માની ઉત્પત્તિ અને દેહના વિયોગે આત્માનું મરણ માનવું એ ભ્રમણા છે. આત્મા દેહથી જુદો ઉપયોગલક્ષણવાળો છે; દેહની ઉત્પત્તિથી તેની ઉત્પત્તિ થઈ નથી તેમજ દેહના વિયોગે તેનું મરણ થતું નથી. જન્મ અને મૃત્યુ વગરનો સત્સ્વરૂપ આત્મા છે.

આત્મા સ્વતંત્ર સત્ વસ્તુ છે. સત્નો સર્વથા નાશ ન થાય, ને સત્ સર્વથા નવું ન ઊપજે. પણ સત્ સત્પણે નિત્ય ટકીને તેની પર્યાયમાં ઉત્પાદ–વ્યયરૂપ પરિવર્તન થયા કરે છે. જેમ સ્વપ્નમાં કોઈએ જોયું કે ‘હું મરી ગયો. ’ અને પછી તે જાગીને બીજાને કહે કે ‘ભાઈ ! હું તો મરી ગયો છું, ’ –તો લોકો તેને મૂરખ જ ગણે. એલા ! તું જીવતો જાગતો ઊભો છો ને કહે છે કે હું મરી ગયો ? જેમ સ્વપ્નાની તેની વાત એ ભ્રમણા છે; તેમ દેહના છૂટવાથી કોઈ કહે કે આત્મા મરી ગયો. –તો જ્ઞાની કહે છે કે અરે મૂરખા !

ચેતનલક્ષણ આત્મા તે કદી મરતો હશે! તું આત્માનો નાશ માને છે એ તો દેહબુદ્ધિને લીધે તારી માત્ર ભ્રમણા છે. જેમ સ્વપ્નની વાત ખોટી છે તેમ તારી વાત પણ ખોટી છે. પોતે કરેલા પુણ્ય–પાપઅનુસાર આત્મા પોતે સ્વર્ગ કે નરકાદિમાં જઈને પોતાના ભાવનું ફળ ભોગવે છે; અને વીતરાગતા વડે મોક્ષ પામીને સાદિઅનંત સિદ્ધદશામાં રહીને મોક્ષના પરમસુખને ભોગવે છે.

આત્મા દેહથી ભિન્ન અવિનાશી તત્ત્વ છે, દેહના નાશે તેનો નાશ થતો નથી. જેમ ઊંઘમાં–સ્વપ્નામાં 'હું મરી ગયો' એમ દેખે, પણ જ્યાં જાગે ત્યાં ભાન થાય છે કે હું નાશ પામ્યો નથી, જે સ્વપ્નમાં હતો તે જ હું છું. એ જ પ્રમાણે અજ્ઞાનદશામાં ભ્રમથી દેહાત્મબુદ્ધિને લીધે દેહના નાશથી આત્માનો નાશ ભાસે છે, પણ ખરેખર આત્મા નાશ પામતો નથી, દેહ છોડીને બીજા દેહમાં, અથવા તો દેહરહિત સિદ્ધદશામાં આત્મા તે જ રહે છે, એટલે કે આત્મા સત્ છે; મોક્ષમાં પણ આત્મા સત્ છે. મોક્ષમાં આત્માનો અભાવ છે–એમ નાસ્તિક લોકો માને છે; પણ જો મોક્ષમાં આત્માનો અભાવ હોય તો એવા મોક્ષને કોણ ઈચ્છે? –પોતાના અભાવને તો કોણ ઈચ્છે? પોતે પોતાના અભાવને કોઈ ઈચ્છે નહિ. મોક્ષને તો સૌ પ્રાણી ઈચ્છે છે, તે મોક્ષમાં આત્મા પરમ શુદ્ધ આનંદદશા સહિત બિરાજમાન છે. કોઈ પણ અવસ્થામાં આત્માના અભાવની કલ્પના કરવી તે મિથ્યા છે. જેમ સ્વપ્નમાં આત્માનો નાશ દેખાય છે તે મિથ્યા છે, તેમ જાગૃતદશામાં પણ આત્માનું જે મરણ દેખાય છે તે અજ્ઞાનીનો ભ્રમ છે. બંનેમાં વિપર્યાસની સમાનતા છે. આ દેહના વિયોગ પછી પણ આત્માનું અસ્તિત્વ એમને એમ રહ્યા જ કરે છે. આવા સત્ આત્માની મુક્તિ પ્રયત્નવડે સિદ્ધ થાય છે. દેહથી ભિન્ન આત્માનું શાશ્વત હોવાપણું જે જાણે તેને મૃત્યુનો ભય રહે નહીં, 'મારો નાશ થઈ જશે' એવો સન્દેહ તેને થાય નહિ. ગમે તે પરિસ્થિતિમાં પણ, દેહ છૂટવા ટાણે પણ, ધર્મી પોતે પોતાના ભિન્ન અસ્તિત્વને અનુભવે છે; ને આત્માની આવી આરાધના સહિત દેહ છોડે છે...દેહ છૂટવા ટાણેય તેને સમાધિ રહે છે. ।। ૧૦૧।।

હવે કહે છે કે પ્રયત્નપૂર્વક આત્માના ભેદજ્ઞાનની ભાવના કરવી..ગમે તેવા દુઃખમાં એટલે કે પ્રતિકૂળતામાં પણ આત્માની ભાવના છોડવી નહિ, ભિન્ન આત્માને જાણીને અતિ ઉગ્ર પ્રયત્નપૂર્વક તેની ભાવના ભાવ્યા જ કરવી. –કેમ કે–

अदु:खभावितं ज्ञानं क्षीयते दु:खसन्निधौ।
तस्माद्यथाबलं दु:खैरात्मानं भावयेन्मुनि:।। १०२।।

દુઃખ વિના ભાવવામાં આવેલું જ્ઞાન, ઉપસર્ગાદિ દુઃખના પ્રસંગમાં ક્ષીણ થઈ જાય છે, માટે પોતાની શક્તિઅનુસાર કાયકલેશાદિ કષ્ટપૂર્વક આત્માની દ્રઢ ભાવના કરવી.

ગમે તેવી પ્રતિકૂળતામાંય મુમુક્ષુના પુરુષાર્થને જાગૃત રાખવાનો આ ઉપદેશ છે. જગતના સુખોની દરકાર છોડીને જેણે આત્માની ભાવના ભાવી છે તેને દુઃખ પ્રસંગેય તે ભાવના ટકી રહેશે, ને ઉલટી તે ભાવના તીવ્ર વૈરાગ્યથી ઉગ્ર બનશે. સાતાશીલીયા કે પ્રમાદી ન થઈ જવાય તે માટે જાગૃતીનો ઉપદેશ છે. કેમકે જો આત્માની ભાવના ભૂલીને બાહ્ય સુખમાં સાતાશીલીયો થઈ જાય તો જ્ઞાનનો નાશ થઈ જાય છે.

આત્માના શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક એવી ભાવના કરજે કે ગમે તેવી પ્રતિકૂળતામાં પણ જવાબ આપે! ગમે તે પ્રસંગે તે ભેદજ્ઞાનની ભાવના હાજર રહે! જ્યાં કોઈ બીજો ઉપાય નથી ત્યાં પણ અંતરના ભેદજ્ઞાનની ભાવનાપૂર્વક સહનશીલતા તે અમોઘ ઉપાય છે. જ્યાં જ્ઞાનની ભાવના જાગૃત છે ત્યાં કોઈપણ પ્રતિકૂળતા સાધકને આત્મભાવનામાંથી ડગાવી શકતી નથી.

અંતરના જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ થઈને એવી દ્રઢ ભાવના કર કે સમાધિ વખતે ગમે તેવી પ્રતિકૂળતાની સામે પણ ઝઝૂમી શકાય! શરીર છૂટવા ટાણે પણ પ્રતિકૂળતામાં ભીંસાઈ ન જવાય...પણ જ્ઞાનઆનંદની ઉગ્ર ભાવનાપૂર્વક સમાધિમરણે દેહ છૂટે! જેણે સાતાપૂર્વક માત્ર ભેદજ્ઞાનની વાત કરી છે, પણ અંતર્મુખ થવાનો પ્રયત્ન કર્યો નથી તેને પ્રતિકૂળતા વખતે ભેદજ્ઞાનની ભાવના ટકી શકશે નહિ. આત્માના આશ્રયે જેણે અંતર્મુખ પ્રયત્ન કર્યો હશે તેને ગમે તે પ્રસંગે આત્માની ભાવના ટકી રહેશે. અનુકૂળ સંયોગમાં જે મૂર્છાયેલા છે ને અંતરમાં અનુભવનો પ્રયત્ન કરતા નથી, તે પ્રતિકૂળ સંયોગની સામે કેમ ટકી શકશે? એ વખતે એનું જ્ઞાન એને જવાબ નહીં આપે.

પ્રભો! તારા ચૈતન્યને સંયોગથી ભિન્ન એવો ભાવજે કે તે ભાવના ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ટકી રહે! 'દેહથી આત્મા ભિન્ન' એમ સાધારણ જાણપણું કરીને અટકી જઈશ નહિ, પણ અંતરમાં પ્રયત્ન કરી કરીને આત્માનો અનુભવ કરજે ને વારંવાર તેની ભાવના કરજે! અંતરમાં આત્માના અનુભવ વગરની એકલી ધારણા તને શરણરૂપ નહિ થાય. અંતરમાં ભેદજ્ઞાનની ભાવનાથી નિર્વિકલ્પ આનંદરસ પીવાનો એવો પ્રયત્ન કરજે કે સમાધિમરણ ટાણે કદાચ તૃષાથી ગળું સુકાય ને પાણી પણ ગળે ન ઊતરે તો ત્યારે પણ અંતરમાં શાંતરસના અનુભવથી આત્મા તૃપ્ત રહે...

અષ્ટપ્રાભૃતની ૬૨ મી ગાથામાં પણ કષ્ટસહનપૂર્વક આત્માને ભાવવાનો ઉપદેશ આપ્યો છે–

सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि।
तम्हा जहाबलं जोई अप्पा दुक्खेहि भावए।। ६२।।

સુખથી ભાવવામાં આવેલું જ્ઞાન ઉપસર્ગાદિના દુઃખમાં નષ્ટ થઈ જાય છે; માટે યથાશક્તિ બળપૂર્વક પ્રયત્નપૂર્વક કાયકલેશાદિ કષ્ટ સહન કરીને આત્માને ભાવવો–એમ

ઉપદેશ છે. આહાર–આસન–નિદ્રા વગેરે પ્રમાદને જીતીને જિનવરના મત અનુસાર ગુરુપ્રસાદથી આત્માને જાણીને ધ્યાવવો.

દેહાદિથી ભિન્ન આત્માની ભાવના ભાવનાર મુમુક્ષુ જીવને અંદર પરિણામમાં તીવ્ર ઉદાસીનતા, વૈરાગ્ય, પ્રતિકૂળતામાં સહનશીલતા, ધૈર્ય વગેરે હોય છે. તેથી કહે છે કે હે જીવ! તપશ્ચરણાદિ વૈરાગ્યભાવના પૂર્વક તું જ્ઞાનને ભાવ. એવી ભાવના ભાવ કે ગમે તેવી પ્રતિકૂળતામાંય તે છૂટે નહિ, અખંડ આરાધનામાં ભંગ પડે નહિ. જે એકલા સાતાશીલીયાપણાને સેવે છે ને જ્ઞાનની વાતો કરે છે તેને પ્રતિકૂળતા પ્રસંગે જ્ઞાનભાવના ક્યાંથી ટકશે? અજ્ઞાની તો મરણના કે પ્રતિકૂળતાના પ્રસંગે ભડકી ઊઠે છે, ને ભિન્ન જ્ઞાનને ભૂલી જાય છે. જેણે જ્ઞાનભાવના ભાવી છે એવા જ્ઞાનીને મરણનો ભય નથી, પ્રતિકૂળતામાંય જ્ઞાનભાવના છૂટતી નથી. જુઓને, સુદર્શન શેઠ, સીતાજી વગેરે ઉપર કેવા સંકટ આવ્યા? છતાં તે પ્રસંગે પણ તેઓ પોતાની જ્ઞાનભાવનાને ભૂલ્યા ન હતા. જેણે વારંવાર આત્માના અનુભવનો પ્રયોગ કર્યો છે, વારંવાર સ્વભાવમાં ઠરવાની અજમાયશ કરી છે તેને ગમે તે પ્રસંગમાં પણ જ્ઞાનભાવના જાગૃત રહે છે. માટે દુઃખથી એટલે કષ્ટમાં સહનશીલતાના પ્રયત્ન સહિત જ્ઞાનસ્વભાવની ભાવના કરવાનો ઉપદેશ છે.

સમયસારમાં પણ કહે છે કે હે જીવ! તું મરીને પણ તત્ત્વનો જિજ્ઞાસુ થા...મરણ જેટલા કષ્ટ સહન કરીને પણ દેહથી ભિન્ન આત્માને અનુભવમાં લે...અંદર તેના અનુભવની ધગશ જગાડ. ચૈતન્યની ધગશ આડે દુનિયાની પ્રતિકૂળતાને ન જો.

હું આત્મા છું, શરીરથી જુદો છું–એવી સામાન્ય ધારણા કરી હોય પણ જેણે અંદર આત્માની ખરી ધગશથી ભેદજ્ઞાન કરીને તેની ભાવના ભાવી નથી તેને શરીરાદિની અનુકૂળતા હોય ત્યાંસુધી તો એમ લાગે કે જ્ઞાન છે. પણ જ્યાં શરીરમાં કષ્ટ થાય, દેહ છૂટવાનો પ્રસંગ આવે, કે બીજા અનેક પ્રકારના નિંદા–અપમાન વગેરે પ્રતિકૂળતાના પ્રસંગ આવે ત્યાં તેની ધારણા ટકશે નહિ, તે પ્રતિકૂળતાના વેદનમાં એકાકાર થઈને ભીંસાઈ જશે. માટે અહીં એમ ઉપદેશ છે કે અત્યારથી જ દેહાદિ પ્રત્યે ઉદાસીનતાની ભાવનાપૂર્વક તું જ્ઞાનનો અભ્યાસ કર.

જેને અનુકૂળતાનો જેટલો પ્રેમ તેને પ્રતિકૂળતામાં તેટલો દ્વેષ થયા વિના રહેશે નહિ; જ્ઞાની તો બંનેથી ભિન્ન આત્માને જાણીને પળે–પળે તેની ભાવના ભાવે છે. જ્ઞાનની ખરી ભાવના ભાવી હોય તે ખરે પ્રસંગે હાજર થાય, ને આત્માને સમાધિ આપે, સમાધાન આપે, શાંતિ આપે. જીવનમાં જેણે આત્માની દરકાર કરી નથી, તેની ભાવના ભાવી નથી, ને કહે કે હું મરણ ટાણે સમાધિ રાખીશ. –તો તે સમાધિ

ક્યાંથી લાવશે? જેણે જીંદગીમાં કદી બંદુક પકડતાં પણ આવડી નથી, નિશાન લેતાં આવડયું નથી, તે લડાઈમાં દુશ્મન સામે કેવી રીતે ઊભો રહેશે? જીવનમાં જેણે અભ્યાસ કર્યો હશે તેને ખરે ટાણે કામ આવશે. માટે નિરંતર પ્રમાદ છોડી દ્રઢ વૈરાગ્યપૂર્વક આત્માની ભાવના ભાવજે.

જેમ દીક્ષાકાળ વખતે સંસાર–ભોગોને અસાર જાણીને અત્યંત વૈરાગ્ય ઉપજે છે, તેમ જ કોઈ તીવ્રરોગ, કે મૃત્યુના સંભવનો પ્રસંગ–એવા કાળે જાગેલી ઉત્તમ ભાવનાઓને યાદ કરીને વિશુદ્ધભાવથી ઉત્તમ બોધનું સેવન કરજે...એવી દ્રઢ ભાવના કરજે કે કેવળજ્ઞાન સુધી અખંડ રહે. અરે જીવ! ભેદજ્ઞાન કરીને તારા જ્ઞાનને અંતરમાં ઢાળજે! વારંવાર જ્ઞાનને અંતરમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરજે..રોમેરોમે એટલે કે આત્મામાં પ્રદેશે પ્રદેશે–જ્ઞાનનું પરિણમન થઈ જાય–એવો દ્રઢ અભ્યાસ કરજે. વિષયો તરફની વૃત્તિ તોડીને ચૈતન્યનો રસ એવો વધારજે કે સ્વપ્નેય કે પ્રાણ જાય એવા પ્રસંગે પણ તેમાં શિથિલતા ન થાય, ને ધારાવાહી જ્ઞાન ટકી રહે. –આમ દ્રઢ જ્ઞાનભાવનો ઉપદેશ છે. ।। ૧૦૨।।

**આપણી આ વૈરાગ્યરસભરપૂર સુગમ લેખમાળા**
**આવતા અંકમાં સમાપ્ત થશે.**

જેમના અસંખ્ય પ્રદેશે અનંત ચૈતન્યસૂર્ય ખીલ્યા એવા વીતરાગ પરમેશ્વર અરિહંતદેવે આત્માનું સ્વરૂપ કેવું જાણ્યું છે એની આ વાત છે. વીતરાગમાર્ગી સન્તોએ પોતાના અનુભવમાં લઈને એ વાત પ્રસિદ્ધ કરી છે. હિત કરવા માટે પોતાનું દ્રવ્ય કેવું? ગુણ કેવા? ને તેના આશ્રયે પર્યાય પ્રગટે છે તે કેવી છે–તે જાણવું જોઈએ.

સન્તો તને તારો આત્મવૈભવ બતાવે છે.

# સિદ્ધત્વના હેતુભૂત ભાવના

ભગવાનશ્રી યતિવૃષભઆચાર્યરચિત 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ' નામના પ્રાચીન મહાન ગ્રંથમાં નવ અધિકારો દ્વારા ત્રણલોકનું વર્ણન છે, તેમાં નીચે નરકથી માંડીને ઉપર ઠેઠ સિદ્ધલોક સુધીનું ઘણા પ્રકારે વર્ણન કર્યું છે. તેમાં સૌથી છેલ્લા (નવમા) અધિકારનું નામ **'सिद्धलोकप्रज्ञप्ति'** મહાઅધિકાર છે. આ અધિકારમાં સિદ્ધ સંબંધી પાંચ પેટા અધિકાર છેઃ (૧) સિદ્ધભગવંતોની નિવાસભૂમિ. (૨) સિદ્ધભગવંતોની સંખ્યા, (૩) સિદ્ધભગવંતોની અવગાહના અને (૪) સિદ્ધભગવંતોનું સુખ–એ ચાર વાત ૧૭ ગાથાદ્વારા બતાવી છે, અને પછી "સિદ્ધત્વના હેતુભૂત ભાવ" નું આનંદકારી વર્ણન પાંચમા અધિકારમાં ૪૮ ગાથાદ્વારા કર્યું છે. ત્રિલોકપ્રજ્ઞપ્તિ જેવા કરણાનુયોગના ગ્રંથમાં પણ સિદ્ધત્વના હેતુભૂત આવી ઉત્તમ ભાવના વાંચીને ગુરુદેવને ઘણો પ્રમોદ થયો હતો ને શ્રોતાજનો સમક્ષ પણ તેનું વર્ણન કર્યું હતું–જે સાંભળીને સૌને હર્ષોલ્લાસ થયો હતો. –સિદ્ધત્વના હેતુભૂત ભાવનાથી કોને આનંદ ન થાય? –તેથી તે આનંદકારી ભાવના અહીં આપીએ છીએ.

આ શાસ્ત્રકર્તા શ્રી યતિવૃષભઆચાર્ય ધવલા–જયધવલાના ટીકાકારથી પણ પ્રાચીન છે. અને આ ભાવના–અધિકારમાં આવેલી ઘણીખરી ગાથાઓ ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવના સમયસાર–પ્રવચનસાર વગેરે શાસ્ત્રોની ગાથાઓને લગભગ મળતી આવે છે–જાણે કે તેમના શાસ્ત્રોનું દોહન કરીને જ આ ભાવના–અધિકાર રચાયો હોય એવું જ લાગે છે. પ્રો. હીરાલાલજી જૈન આ સંબંધમાં લખે છે કે–'આ અન્તિમ અધિકારમાં વર્ણવેલ સિદ્ધોનું વર્ણન અને આત્મચિન્તનનો ઉપાય (–શુદ્ધાત્મભાવના) તે જૈનવિચારધારાની પ્રાચીન સમ્પત્તિ છે.' ચાલો, આપણે પણ આપણા આત્માને સિદ્ધત્વના હેતુભૂત આ ભાવનામાં જોડીએઃ–

(ત્રિલોકપ્રજ્ઞપ્તિ અધિકાર ૯, ગાથા ૧૮ થી ૬૫)

(૧૮) જેમ ચિરસંચિત ઈંધનને પવનથી પ્રજ્વલિત અગ્નિ શીઘ્ર જ જલાવી દે છે, તેમ ઘણા કર્મરૂપી ઈંધનને ધ્યાનરૂપી અગ્નિ ક્ષણમાત્રમાં જલાવી દે છે.

(૧૯) જે જીવ દર્શનમોહ અને ચારિત્રમોહને નષ્ટ કરીને, વિષયોથી વિરકત થયો થકો, મનને રોકીને આત્મસ્વભાવમાં સ્થિર થાય છે તે મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

(૨૦) જેને રાગ–દ્વેષ–મોહ તથા યોગપરિકર્મ નથી તેને શુભાશુભને ભસ્મ કરનાર ધ્યાનમય અગ્નિ ઉત્પન્ન થાય છે.

(૨૧) શુદ્ધસ્વભાવથી સહિત સાધુને જે દર્શન–જ્ઞાનથી પરિપૂર્ણ ધ્યાન છે તે નિર્જરાનું કારણ થાય છે; અન્યદ્રવ્યોથી સંસક્ત ધ્યાન નિર્જરાનું કારણ થતું નથી.

(૨૨) અંતરંગ અને બહિરંગ સર્વસંગથી રહિત, તથા અનન્યમન (અર્થાત્ એકાગ્રચિત્ત) થઈને જે પોતાના ચૈતન્યસ્વભાવથી આત્માને જાણે–દેખે છે તે જીવ આત્મિકચારિત્રનું આચરણ કરનાર છે.

(૨૩) જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં ભાવના કરવી જોઈએ; અને તે (જ્ઞાન–દર્શન–ચારિત્ર) ત્રણે આત્મસ્વરૂપ છે તેથી હે ભવ્ય! આત્મામાં ભાવના કર.

(૨૪) હું નિશ્ચયથી સદા એક, શુદ્ધ, દર્શન–જ્ઞાનાત્મક અને અરૂપી છું; અન્ય કંઈ પરમાણુ માત્ર પણ મારું નથી.

(૨૫) મોહ મારો કંઈપણ નથી, હું એક જ્ઞાનદર્શન ઉપયોગરૂપ જ છું–એમ જાણું છું. –આવી ભાવનાથી યુક્ત જીવ દુષ્ટ અષ્ટ કર્મોને નષ્ટ કરે છે.

(૨૬) હું પરપદાર્થોનો નથી, અને પર પદાર્થો મારાં નથી, હું તો એકલો જ્ઞાનસ્વરૂપ જ છું; –આ પ્રમાણે જે ધ્યાનમાં ચિન્તવે છે તે આઠ કર્મોથી મુક્ત થાય છે.

(૨૭) ચિત્ત શાંત થતાં ઇન્દ્રિયો શાંત થાય છે, અને ઇન્દ્રિયો શાંત થતાં આત્મ– સ્વભાવમાં રતિ થાય છે; અને તેથી તે જીવ સ્પષ્ટપણે–ચોક્કસ નિર્વાણને પામે છે.

(૨૮) હું દેહ નથી, મન નથી, વાણી નથી, અને તેમનું કારણ પણ નથી, –આ પ્રકારનો જે ભાવ છે તે શાશ્વતસ્થાનને પ્રાપ્ત કરે છે. (–અર્થાત્ આવી ભાવના જે ભાવે છે તે મોક્ષને પામે છે.)

(૨૯) દેહની જેમ મન અને વાણી પુદ્ગલદ્રવ્યાત્મક પરવસ્તુ છે, એમ ઉપદેશવામાં આવ્યું છે; અને પુદ્ગલદ્રવ્ય તે પણ પરમાણુદ્રવ્યોનો પિંડ છે.

(૩૦) હું, નથી તો પુદ્ગલમય, કે નથી મેં તે પુદ્ગલોને પિંડરૂપ કર્યા; તેથી હું દેહ નથી, કે તે દેહનો કર્તા નથી.

(૩૧) આ પ્રમાણે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય, મહાઅર્થ, નિત્ય, નિર્મળ અને નીરાલંબ શુદ્ધઆત્માનું ચિંતન કરવું જોઈએ.

(૩૨) હું પરપદાર્થોનો નથી અને પરપદાર્થો મારાં નથી; હું તો જ્ઞાનમય એકલો છું; –આ પ્રમાણે જે ધ્યાનમાં ધ્યાવે છે તે જીવ આત્માનો ધ્યાતા છે.

(જુઓ, આ સિદ્ધપદના હેતુભૂત ભાવના ચાલે છે; આ ભાવનાથી મોક્ષસુખ પમાય છે.)

(૩૩) આ પ્રમાણે જાણીને જે વિશુદ્ધઆત્મા ઉત્કૃષ્ટ આત્માને ધ્યાવે છે તે અનુપમ અપાર અતીન્દ્રિય (અનંતચતુષ્ટયાત્મક) સુખને પામે છે.

(૩૪) હું પરપદાર્થોનો નથી અને પરપદાર્થો મારાં નથી, આ જગતમાં મારું કોઈપણ નથી, –આ પ્રમાણે જે ભાવના ભાવે છે તે સંપૂર્ણ કલ્યાણને પામે છે.

(૩૫) આ ઊર્ધ્વ–અધો કે મધ્ય ત્રણલોકમાં કોઈપણ પરપદાર્થ મારો નથી, આ જગતમાં કંઈ પણ મારું નથી–આવી ભાવનાથી યુક્ત જીવ અક્ષય સુખને પામે છે.

(૩૬) જે જીવ મદ–માન–માયાથી રહિત તેમજ લોભથી રહિત, અને નિર્મળસ્વભાવથી યુક્ત થાય છે તે અક્ષયસ્થાનને પામે છે.

(૩૭) દેહાદિકમાં જેને પરમાણુમાત્ર પણ મૂર્છા છે તે જીવ, ભલે સર્વઆગમનો ધારી હોય તોપણ સ્વકીય–સમયને તે જાણતો નથી.

(૩૮) માટે મોક્ષના અભિલાષી જીવોએ દેહમાં જરાપણ રાગ ન કરવો; દેહથી ભિન્ન ઇન્દ્રિયાતીત આત્માનું ધ્યાન કરવું.

(૩૯) દેહમાં સ્થિત, દેહથી જરાક ન્યૂન, દેહથી રહિત, શુદ્ધ, દેહાકાર અને ઇન્દ્રિયાતીત આત્મા ધ્યાતવ્ય છે.

(૪૦) જેના ધ્યાનમાં જ્ઞાનવડે નિજાત્મા જો નથી ભાસતો તો તેને ધ્યાન નથી, પરંતુ પ્રમાદ અથવા મોહમૂર્છા જ છે –એમ જાણવું.

(૪૧) મીણથી રહિત બીબાના અંદરના આકાશ જેવા આકારવાળા, રત્નત્રયાદિ ગુણોથી યુક્ત, અવિનશ્વર અને જીવઘનદેશરૂપ એવા નિજાત્માનું ધ્યાન કરવું જોઈએ.

(૪૨) જે સાધુ નિત્ય ઉદ્યોગશીલ (ઉપયુક્ત) થઈને આ આત્મભાવનાનું આચરણ કરે છે તે અલ્પકાળમાં જ સર્વ દુઃખથી મુક્ત થાય છે.

(૪૩) કર્મ–નોકર્મમાં 'આ હું છું' અને હું–આત્મા કર્મ–નોકર્મરૂપ છું–આ પ્રકારની બુદ્ધિવડે પ્રાણી ઘોર સંસારમાં ઘૂમે છે.

(૪૪) જે મોહકર્મનો ક્ષય કરીને, તથા વિષયોથી વિરક્ત થઈને અને મનને રોકીને સ્વભાવમાં સમવસ્થિત થાય છે તે જીવ કર્મબંધનરૂપ સાંકળથી છૂટી જાય છે.

(૪૫) જે પ્રકૃતિ–સ્થિતિ–અનુભાગ અને પ્રદેશબંધથી રહિત આત્મા છે તે જ હું છું –એમ ચિન્તન કરવું જોઈએ તથા તેમાં જ સ્થિરભાવ કરવો જોઈએ.

(૪૬) જે કેવળજ્ઞાનસ્વભાવી છે, કેવળદર્શનસ્વભાવી છે, સુખમય છે અને કેવળ વીર્યસ્વભાવી છે –તે હું છું –એમ જ્ઞાની ચિન્તવે છે.

(૪૭) જે જીવ સર્વસંગથી રહિત થઈને પોતાના આત્માને આત્માદ્વારા ધ્યાવે છે તે અલ્પકાળમાં સર્વદુઃખથી છૂટકારો પામે છે.

(૪૮) જે ભયાનક સંસારરૂપી મહા સમુદ્રમાંથી નીકળવા ઇચ્છે છે તે આ પ્રમાણે જાણીને શુદ્ધાત્માનું ધ્યાન કરે છે.

(૪૯) પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, ધારણા, નિવૃત્તિ, નિન્દન, ગર્હણ અને શુદ્ધિ–એ બધાયની પ્રાપ્તિ નિજાત્મભાવના વડે થાય છે.

(૫૦) દર્શનમોહગ્રંથિને નષ્ટ કરીને જે શ્રમણ રાગ–દ્વેષનો ક્ષય કરતો થકો સુખ–દુઃખમાં સમભાવી થાય છે તે અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

(૫૧) દેહ અને ધનમાં આ હું અને 'આ મારું' એવા મમત્વને જે છોડતો નથી તે મૂર્ખ–અજ્ઞાની જીવ–દુષ્ટ–અષ્ટ કર્મોથી બંધાય છે.

(૫૨) પુણ્યથી વિભવ, વિભવથી મદ, મદથી મતિમોહ, અને મતિમોહથી પાપ થાય છે;– માટે પુણ્યને પણ છોડવા જોઈએ.

(૫૩) જે પરમાર્થથી બાહ્ય છે તે જીવ સંસારગમનના અને મોક્ષના હેતુને નહિ જાણતો થકો અજ્ઞાનથી પુણ્યની ઈચ્છા કરે છે.

(૫૪) પુણ્ય અને પાપમાં કોઈ ભેદ નથી–આમ જે નથી માનતો તે મોહથી યુક્ત થયો થકો ઘોર અને અપાર સંસારમાં ભમે છે.

(૫૫) મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ અને પુણ્ય, –તેમનો ત્રણે પ્રકારે ત્યાગ કરીને યોગીઓએ નિશ્ચયથી શુદ્ધઆત્માનું ધ્યાન કરવું જોઈએ.

(૫૬) જીવ પરિણામસ્વભાવરૂપ છે, તે જ્યારે શુભ અથવા અશુભ પરિણામરૂપે પરિણમે છે ત્યારે શુભ અથવા અશુભ થાય છે, અને જ્યારે શુદ્ધપરિણામરૂપે પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.

(૫૭) ધર્મરૂપે પરિણમેલો આત્મા જો શુદ્ધઉપયોગયુક્ત હોય તો નિર્વાણસુખને પામે છે, અને જો શુભોપયોગથી યુક્ત હોય તો સ્વર્ગસુખને પામે છે.

(૫૮) અશુભોદયથી આત્મા કુમનુષ્ય, તિર્યંચ અથવા નારકી થઈને સદા હજારો દુઃખોથી પીડીત થયો થકો સંસારમાં અત્યંત ભમે છે.

(૫૯) શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ એવા અરિહંતો તથા સિદ્ધોને અતિશય, આત્માથી જ સમુત્પન્ન, વિષયાતીત, અનુપમ, અનંત અને વિચ્છેદરહિત સુખ હોય છે.

(૬૦) રાગાદિ સંગથી મુક્ત એવા મુનિ, અનેક ભવોમાં સંચિત કરેલા કર્મરૂપી ઇંધનસમૂહને શુક્લધ્યાન નામના ધ્યાનવડે શીઘ્ર ભસ્મ કરે છે.

( ૬૧ ) હૃદયમાં જ્યાંસુધી આત્મસ્વભાવલબ્ધિ પ્રકાશમાન નથી થતી. ત્યાંસુધી જ જીવ શુભ–અશુભજનક એવા સંકલ્પ–વિકલ્પરૂપ કર્મને કરે છે.

( ૬૨ ) બંધોના સ્વભાવને તેમજ આત્માના સ્વભાવને જાણીને, જે બંધોમાં અનુરક્ત નથી થતો તે જીવ કર્મોથી છૂટકારો કરે છે.

( ૬૩ ) જ્યાં સુધી આત્મા અને આસ્રવ એ બંનેના વિશેષ–અંતરને નથી જાણતો ત્યાં સુધી તે અજ્ઞાની જીવ વિષયાદિમાં પ્રવૃત્ત રહે છે.

( ૬૪ ) જ્ઞાની જીવ અનેક પ્રકારના પુદ્‌ગલદ્રવ્યને જાણતો હોવા છતાં, પરદ્રવ્યપર્યાયપણે તે પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી, અને તે–રૂપે ઊપજતો નથી.

( ૬૫ ) જે વિમૂઢમતિ પરદ્રવ્યને શુભ અથવા અશુભ માને છે તે મૂઢ અજ્ઞાની જીવ દુષ્ટ–અષ્ટ કર્મોથી બંધાય છે.

–આ પ્રમાણે ભાવના સમાપ્ત થઈ.

સિદ્ધપદના હેતુભૂત એવી આ ઉત્તમ શુદ્ધાત્મભાવના ભાવવાથી મુમુક્ષુ જીવ સિદ્ધપદને પામે છે.

णमो सिद्धाणं।।

## અપૂર્વ ભાવના

મિથ્યાત્વ–આદિક ભાવને
ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્‌ત્વ–આદિક ભાવ રે!
ભાવ્યા નથી પૂર્વે જીવે.

નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત અનાસન્ન ભવ્યજીવે ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિરકાળ ભાવ્યા છે; જેણે પરમ નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ–જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર ભાવ્યાં નથી. આ મિથ્યાદ્રષ્ટિજીવથી વિપરીત ગુણસમુદાયવાળો અતિ–આસન્નભવ્યજીવ હોય છે.

–નિયમસાર ગા. ૯૦

# શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

**શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મશતાબ્દિ નિમિત્તે અપાતી લેખમાળામાં આ પાંચમો લેખ છે. અનેક જિજ્ઞાસુઓ તરફથી પસંદ કરાયેલા વચનામૃતોમાંથી આ સંકલન કરવામાં આવે છે. (સં.)**

(૨૭૬) હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.

(૨૭૭) જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.

(૨૭૮) એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૨૭૯) જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ જુઓ.

(૨૮૦) વીરનાં કહેલા શાસ્ત્રમાં સોનેરી વચનો છૂટકછૂટક અને ગુપ્ત છે.

(૨૮૧) સમ્યક્‌નેત્ર પામીને તમે ગમે તે ‘ધર્મ શાસ્ત્ર’ વિચારો તોપણ આત્મહિત પ્રાપ્ત થશે.

(૨૮૨) માણસ પરમેશ્વર થાય છે એમ જ્ઞાનીઓ કહે છે.

(૨૮૩) જીવતાં મરાય તો ફરી મરવું ન પડે; એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.

(૨૮૪) જગતમાં માન ન હોય તો અહીં જ મોક્ષ હોત.

(૨૮૫) વસ્તુને વસ્તુગતે જુઓ.

(૨૮૬) ધર્મનું મૂળ વિવેક છે.

(૨૮૭) તેનું નામ વિદ્યા, કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.

(૨૮૮) વીરના એક વાકયને પણ સમજો.

(૨૮૯) આત્માનો ધર્મ આત્મામાં જ છે.

(૨૯૦) નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દો.

(૨૯૧) મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન સર્વ આત્મામાં છે પણ આવિર્ભાવ કરવું જોઈએ.

(૨૯૨) ન્યાય મને બહુ પ્રિય છે. વીરની શૈલી એ જ ન્યાય છે. સમજવું દુર્લભ છે.

(૨૯૩) દુઃખના માર્યા વૈરાગ્ય લઇ જગતને આ લોકો ભરમાવે છે.

(૨૯૪) આત્મા જેવો કોઈ દેવ નથી.

(૨૯૫) પ્રમાદને લીધે, આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

(૨૯૬) જે જે કાળે જે જે કરવાનું છે તેને સદા ઉપયોગમાં રાખ્યા કરો. ક્રમે કરીને પછી તેની સિદ્ધિ કરો.

(૨૯૭) સર્વોત્તમપદ સર્વત્યાગીનું છે.

(૨૯૮) વૈરાગ્ય અને ગંભીર ભાવથી બેસવું.

(૨૯૯) વિવેકી વિનયી અને પ્રિય પણ મર્યાદિત બોલવું.

(૩૦૦) સર્વ પ્રાણીમાં સમભાવ રાખું.

(૩૦૧) ક્રોધીવચન ભાખું નહિ.
(૩૦૨) રાત્રીભોજન કરું નહિ.
(૩૦૩) પરમાત્માની ભક્તિ કરું.
(૩૦૪) જ્ઞાનીની નિંદા કરું નહિ.
(૩૦૫) વૈરીના ગુણની પણ સ્તુતિ કરું.
(૩૦૬) આત્માને પરમેશ્વર માનું.
(૩૦૭) ગમ પડયા વિના આગમ અનર્થ-કારક થઈ પડે છે.

સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. (૧૨૮)

(૩૦૮) ક્ષમા એ અંતરશત્રુને જીતવામાં ખડ્ગ છે, પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે. શુદ્ધભાવે અસહ્ય દુઃખમાં સમપરિણામથી ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે. (શિક્ષાપાઠ ૪૩)

(૩૦૯) મુક્તિ એટલે સંસારના શોકથી મુક્ત થવું તે. પરિણામમાં જ્ઞાનદર્શનાદિક અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી. જેમાં પરમસુખ અને પરમ આનંદનો અખંડ નિવાસ છે, જન્મ-મરણની વિટંબનાનો અભાવ છે, શોક ને દુઃખનો ક્ષય છે. (ભાવનાબોધ)

(૩૧૦) આજ જે પળે તું મારી કથા મનન કરે છે તે જ તારું આયુષ્ય સમજી સદ્‌વૃદ્ધિમાં દોરાજે. (પુષ્પમાળા-૮૨)

(૩૧૧) સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજ- બુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે, અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે. (૫૩૯)

(૩૧૨) જેને સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટે તેને ભગવાન કહેવાય. જેમ ભગવાન વર્તમાન હોત, અને તમને બતાવત તો માનત નહિં...તેમ વર્તમાનમાં જ્ઞાની હોય તો મનાય નહિં. સ્વધામ પહોંચ્યા પછી કહે કે આવા જ્ઞાની થવા નથી. પછવાડેથી જીવો તેની પ્રતિમાને પૂજે, પણ વર્તમાનમાં પ્રતીત ન કરે. જીવને જ્ઞાનીનું ઓળખાણ પ્રત્યક્ષમાં, વર્તમાનમાં થતું નથી. (ઉપદેશછાયા)

નોંધઃ- આ લેખમાળા માટે જુદા જુદા જિજ્ઞાસુઓએ લખી મોકલેલા અનેક વચનામૃતોમાં કોઇ કોઇ વચનામૃત એકથી વધુ જિજ્ઞાસુઓએ લખી મોકલેલ છે; તે એવા વચનામૃતોની જિજ્ઞાસુઓમાં વિશેષ પ્રિયતા સૂચવે છે. જો કે લેખમાળાનું સંકલન કરતી વખતે વચનામૃતોની ચૂંટણી કરેલ છે, છતાં કોઇક કોઈક વિશેષ વચનામૃત બેવડાઇ જવાનો પણ સંભવ છે. (સં.)

## વૈરાગ્ય સમાચાર

મોરબીના ભાઈશ્રી જેચંદભાઈ વાઘજીભાઈ મુંબઇ મુકામે તા. ૩૦ ડીસેમ્બરના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને પક્ષઘાતની બિમારી હતી. શારીરિક તકલીફ છતાં સોનગઢમાં રહીને લાંબો વખત તેમણે ગુરુદેવનાં પ્રવચનો સાંભળ્યા હતા. મુંબઇમાં પણ ટેપરેકર્ડ મશીન દ્વારા ગુરુદેવના પ્રવચન સાંભળતાં તેઓ સ્ફૂર્તિમાં આવતા. દેવ–ગુરુના શરણે તેઓ આત્મશાંતિ પામો.

ગોંડલના રહીશ મુક્તાબેન (તે નાનાલાલ મૂળચંદ મોદીના ધર્મપત્ની) પોષ વદ પાંચમના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. કેટલાક વખતથી બિમારી હોવા છતાં તેમણે શાંતિ અને ધૈર્ય રાખેલ, ને અવારનવાર ગુરુદેવના દર્શનથી ઉલ્લાસ બતાવતા હતા. સોનગઢમાં ઘણો વખત રહીને તેમણે તત્ત્વશ્રવણ કર્યું હતું. તેઓ દેવગુરુના શરણે આત્મશાંતિ પામો.

બોટાદના ભાઈશ્રી પરસોત્તમ ઓઘડદાસ કામદાર તા. ૧૭–૧–૬૮ ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સત્સમાગમનો લાભ લેતા હતા. ગત સાલ તીર્થયાત્રામાં તેમજ બોટાદમાં જન્મજયંતિમાં તેમણે ઉત્સાહથી ભાગ લીધો હતો. દેવગુરુના શરણે તેઓ આત્મશાંતિ પામો.

## વિહારનો કાર્યક્રમ

(ફાગણ સુદ બીજે સોનગઢ–જિનમંદિરની વર્ષગાંઠ ઉજવીને બીજે દિવસે પૂ. ગુરુદેવ મંગલ પ્રસ્થાન કરશે. હાલનો કાર્યક્રમ નીચે મુજબ છે.)

**લાઠી** ફા. સુ. ૩ શનિવાર તા. ૨–૩–૬૮

**રાજકોટ** ફા. સુ. ૪ થી ફા. વ. ૧ તા. ૩ થી ૧૫.

**વડાલ** ફા. વ. ૨ તા. ૧૬ (અહીંથી ગુરુદેવ ગીરનારની તળેટી દર્શનાર્થે પધારશે.)

**પોરબંદર** ફા. વ. ૩ થી ફા. વ. ૧૧ તા. ૧૭ થી ૨૪

**જેતપુર** ફા. વ. ૧૨ થી ફા. વ. ૦) તા. ૨૫ થી ૨૮

**ગોંડલ** ચૈ. સુ. ૧ થી ચૈ. સુ. ૪ તા. ૨૯ થી ૧ વડિયા ચૈ. સુ. ૪ (બીજી) થી ચૈ. સુ. ૭ તા. ૨ થી ૫ એપ્રીલ.

**મોરબી** ચૈ. સુ. ૮ થી ચૈ. સુ. ૧૧ તા. ૬ થી ૯

**વાંકાનેર** ચૈ. સુ. ૧૨ થી ચૈ. સુ. ૧૫ તા. ૧૦ થી ૧૩

**ચોટીલા** ચૈ. વ. ૨ (વદ ૧ નથી) તા. ૧૪

**સુરેન્દ્રનગર** ચૈ. વ. ૩ થી ચૈ. વ. ૬ તા. ૧૫ થી ૧૮

**વઢવાણ** ચૈ. વ. ૭ થી ચૈ. વ. ૧૦ તા. ૧૯ થી ૨૨

**જોરાવરનગર** ચૈ. વ. ૧૧ થી ચૈ. વ. ૧૩ તા. ૨૩ થી ૨૫

**વિંછીયા** ચૈ. વ. ૧૪ થી વૈ. સુ. ૬ તા. ૨૬–૪ થી ૩–૫ ગુરુદેવની ૭૯ મી જન્મજયંતી વિંછીયા ઉજવાશે.

**ઉમરાળા** વૈ. સુ. ૭–૮ તા. ૪ અને ૫

**લીંબડી** વૈ. સુ. ૯ થી વૈ. સુ. ૧૪ તા. ૬ થી ૧૧

**સોનગઢ-પ્રવેશ** વૈ. સુ. ૧૫ રવિવાર તા. ૧૨–૫–૬૮

(વૈ. વ. ૧, તા. ૧૩–૫–૬૮ સોમવારથી સોનગઢમાં વિદ્યાર્થીઓના શિક્ષણવર્ગનો પ્રારંભ થશે.

# દેહથી ભિન્ન અમૂર્તિક આત્મા

**ચૈતન્યસ્વરૂપ આત્મા તો અમૂર્ત છે, ને શરીર તો મૂર્ત છે; અત્યારે પણ બંનેના લક્ષણ જુદાં જ છે. આમ લક્ષણભેદ વડે ભિન્નતા જાણીને હે જીવ! તું મૂર્ત-શરીરનો પાડોશી થઇ જા. જેવા સિદ્ધપ્રભુ અમૂર્ત, તેવો જ તું પણ અમૂર્ત છો; એટલે મૂર્ત શરીરની ચેષ્ટાઓથી ભિન્ન એવી તારી ચૈતન્યચેષ્ટાને જાણ. ઇન્દ્રિયાદિ મૂર્ત પદાર્થો તે કાંઈ તારા મદદગાર નથી. વિજ્ઞાનઘન આત્મા મૂર્ત કલેવરમાં મૂર્છાઇ જાય-એ તેને શોભતું નથી.**

અમૂર્તિક જ્ઞાનસ્વરૂપ આત્મા જ્યારે પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન કરીને શુદ્ધ ચૈતન્યભાવરૂપે પરિણમે છે ત્યારે સમસ્ત કર્મોનો અભાવ થઇને સિદ્ધદશા પ્રગટે છે, ત્યાં સાક્ષાત્ અમૂર્તપણું વ્યક્ત થાય છે. સંસારદશામાં કર્મ કે શરીરના સંબંધે મૂર્તપણાનો જે વ્યવહાર હતો તે હવે રહેતો નથી; મૂર્તના સંબંધ વગરનો, સ્પર્શાદિ વગરનો, એકલો અરૂપી અસંખ્યપ્રદેશી ચૈતન્યબિંબ આત્મા છે. દરેક આત્માનો આવો અમૂર્તસ્વભાવ છે. સિદ્ધદશા થતાં તો સાક્ષાત્ અમૂર્તપણું પ્રગટે જ છે, પરંતુ અત્યારે પણ જ્ઞાનસ્વરૂપી આત્મા સિદ્ધ જેવો અમૂર્તસ્વભાવી જ છે. કર્મના સંબંધ વખતે પણ (એટલે કે વ્યવહારથી મૂર્તપણું હોવા છતાં પણ) તે જ વખતે શુદ્ધદ્રષ્ટિથી ધર્મી જીવ પોતાના આત્માને કર્મસંબંધ વગરનો અમૂર્ત અનુભવે છે. જ્ઞાનમાત્રભાવ તો અમૂર્ત જ છે, 'જ્ઞાન' માં વળી મૂર્તિકપણું કેવું?

પ્રશ્નઃ– સિદ્ધ થાય ત્યારે આત્મા અમૂર્ત હોય, પણ અત્યારે સંસારદશા વખતે આત્માને અમૂર્ત ન કહેવાય.

ઉત્તરઃ– એમ નથી; ભાઈ, અત્યારે પણ આત્મા પોતાના અમૂર્તસ્વભાવે જ પરિણમી રહ્યો છે. આત્મા અમૂર્ત મટીને કદી મૂર્ત થતો નથી. ધર્મી પોતાના જ્ઞાન–

માત્ર આત્માને અમૂર્તપણે જ અનુભવે છે. આત્માને જ્ઞાનમાત્ર કહેવો ને વળી મૂર્ત કહેવો–એ કેમ બને ? ‘જ્ઞાન’ અને ‘મૂર્તપણું’ એ બંને એકબીજાના વિરોધી છે, એક જ વસ્તુમાં એ બંને સાથે રહી શકતા નથી; અનંતશક્તિસ્વરૂપ જ્ઞાનમાત્ર આત્મામાં દેહનો તથા કર્મનો અભાવ જ છે, એટલે તે અમૂર્ત જ છે. જો અત્યારે મૂર્ત હોય તો સિદ્ધમાં તે અમૂર્ત કયાંથી થઈ જાય ? સંસારમાં જીવને મૂર્ત કહ્યો છે તે ઉપચારથી જ કહ્યો છે, ખરેખર મૂર્ત નથી. અત્યારે સાધકદશા વખતે જ ધર્મીને પોતાનો આત્મા કર્મબંધથી ભિન્ન અમૂર્ત જ્ઞાનમાત્રપણે પ્રગટ અનુભવાય છે. કાંઈ સિદ્ધદશા થાય ત્યારની જ આ વાત નથી, પણ આત્મા જ્ઞાનમાત્રપણે જ્યારે જ્યારે લક્ષિત થાય છે ત્યારે ત્યારે તે અમૂર્તસ્વભાવે લક્ષિત થાય છે. ‘જ્ઞાનમાત્ર’ માં મૂર્તનો અભાવ છે.

જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા રાગવાળોય નથી, તો કર્મના સંબંધવાળો છે એ વાત ક્યાંથી આવી ? અત્યારે જ શુદ્ધનયથી જોતાં આત્મા કર્મના સંબંધ વગરનો અબદ્ધ–અસ્પૃસ્ટ દેખાય છે. જેમાં રાગનોય સંબંધ નથી તેમાં વળી મૂર્તપણું કેવું ? ભાઈ, તારો આત્મા અત્યારે આવો જ છે, તેને તું ધીરો થઈને ( આકુળતા વગર ) તારા અંતરમાં દેખ. જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છે તેની આ વાત છે. જીવ જ્યારે રાગ અને કર્મના સંબંધ વગરના પોતાના સ્વભાવમાં દ્રષ્ટિ કરીને પરિણમ્યો ત્યારે આત્મા અમૂર્તપણે તેને અનુભવમાં આવ્યો. આ રીતે વર્તમાનમાં જ આવો અમૂર્ત આત્મા ધર્મીના અનુભવમાં વ્યક્ત થાય છે–તેની આ વાત છે. અંતર્મુખ થઇને આવા આત્માને અનુભવે ત્યારે જ ખરેખર જૈનશાસનને જાણ્યું કહેવાય, ને ત્યારે જ અમૂર્ત આત્માને જાણ્યો કહેવાય. દેહની ક્રિયા હું કરું કે દેહની ક્રિયાથી આત્માને લાભ થાય–એમ માનનારે આત્માને ખરેખર અમૂર્ત જાણ્યો નથી, તેણે તો આત્માને મૂર્ત સાથે એકમેક માન્યો છે. આત્માને અને અનાત્માને, એટલે કે જીવને અને શરીરને એકપણું કદી થઇ શકતું નથી.

કર્મના સંબંધ વગરના આત્મસ્વભાવને જે દેખતો નથી–અનુભવમાં લેતો નથી, ને માત્ર કર્મના સંબંધવાળા અશુદ્ધભાવપણે જ આત્માને અનુભવે છે તેને શુદ્ધ આત્માની ખબર નથી, એટલે કે સાચા આત્માની તેને ખબર નથી પણ અનાત્માને તે આત્મા માને છે. આત્માને શુદ્ધપણે દેખ્યા વગર સમ્યગ્દર્શન થાય નહીં. આ વાત સમયસારની ૧૪–૧૫ ગાથાઓમાં અદ્ભૂત રીતે સમજાવી છે. ભાઈ,

આત્મા અત્યારે શુદ્ધનયથી કર્મબંધ વગરનો છે, ને પર્યાયને અંતર્મુખ કરતાં તેવા સ્વરૂપે આત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવરૂપે આત્મા પરિણમ્યો ત્યારે આત્મા આત્મારૂપે પ્રસિદ્ધ થયો. રાગાદિને તો મૂર્ત પણ કહ્યા છે, તે અમૂર્ત–આત્મસ્વભાવથી જુદા છે ને મૂર્તકર્મના સંબંધે થયેલા છે માટે તેને મૂર્ત કહ્યા, ને અવધિજ્ઞાનના મૂર્તવિષયમાં ગણ્યા. ભગવાન આત્માને સ્વભાવદ્રષ્ટિથી જુઓ તો, અત્યારે કર્મસંબંધની વચ્ચે રહેવા છતાં પણ તે પોતાના અમૂર્તસ્વભાવે જ પરિણમે છે. અમૂર્તપણું તેના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં છે; અને તે જ આત્મા છે; મૂર્ત કે મૂર્તના સંબંધે થયેલા વિકારી ભાવો તે ખરેખર આત્મા નથી. અત્યારે દ્રવ્ય–ગુણ અમૂર્ત ને પર્યાય મૂર્ત–એવું કાંઈ નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેથી એકાકાર આત્મા અમૂર્તપણે અનુભવમાં પ્રસિદ્ધ થાય છે. મૂર્ત એવા દેહ સામે (કે રાગાદિ સામે) જોયે અમૂર્ત આત્માની ખરી ઓળખાણ થતી નથી. અત્યારે આત્માને મૂર્ત માને ને પછી અમૂર્તપણું (સિદ્ધદશા) પ્રગટે એમ બને નહીં. અમૂર્તસ્વભાવ છે તેની કબુલાતથી જ સાક્ષાત્ અમૂર્તપણું પ્રગટે છે ને પર્યાયમાંથી કર્મનો સંબંધ છૂટી જાય છે. અત્યારે આત્મા કર્મના સંબંધવાળો છે–દેહવાળો છે–મૂર્ત છે–વિકારી છે એમ જ અનુભવ્યા કરે તો શુદ્ધ આત્મા અનુભવમાં ક્યારે આવશે?

(બાકીનો ભાગ આવતા અંકે)

## દુનિયાનું ગપ્પાષ્ટક! -તેમાં આસ્તિક જીવો નિર્ભય છે.

ભારતના અને દુનિયાના ભોળા લોકો ગપગોળાની કલ્પિત આગાહીઓથી દોરવાઈને ભયભીત થાય છે–એવું અવારનવાર બને છે; અમુક માસમાં દુનિયાનો પ્રલય થઇ જશે–એવી ભડકામણી વાતો ફેલાવાય છે. –તાજેતરમાં ઘણી વખત એવી અફવાઓ ઊડી–જે સંપૂર્ણ અસત્ય જ સિદ્ધ થઇ. જીવો એક થોડા કલ્પિત ભયથી બચવા કેવી ચિન્તા કરે છે! પણ સંસારના જન્મ–મરણથી રહિત, અને જ્યાં કોઇપણ ઉપદ્રવ પહોંચી ન શકે એવા અચિંત્યશક્તિમય શાશ્વત સિદ્ધપદનું ચિન્તન કેમ નથી કરતા! સન્તો કહે છે કે હે જીવ! ભવિષ્યની વ્યર્થ ચિન્તામાં તારા વર્તમાનને ભૂલી ન જા. વર્તમાન જેનું ઉત્તમ છે તેનું ભવિષ્ય પણ ઉત્તમ જ હોય છે. અત્યારના માણસો જ્યોતિષના નામે જે આગાહીઓ કરે છે તે લગભગ કલ્પિત ગપગોળા સિવાય કાંઇ જ હોતું નથી. જ્યાં આત્માની આસ્તિકતા છે, જ્યાં આલોક–પરલોકની શ્રદ્ધા છે, જ્યાં સર્વજ્ઞનો વિશ્વાસ છે અને જ્યાં આત્મિક જીવનનો ઉલ્લાસ છે ત્યાં એવા કોઈ ગપ્પાષ્ટકનો ભય હોતો નથી. જ્યાં સાચો પ્રલય થાય તોપણ ભય નથી ત્યાં કલ્પિત ગપગોળાનો તો ભય કેમ હોય!

# આત્માનો મહિમા અપાર છે

( ધર્મપિતાએ આપેલ આત્મવૈભવનો અદ્‌ભૂત વારસો )

ભાઈ, આ તારા પોતાના સ્વભાવની વાત છે. તારા આત્મામાં હંમેશાં જે બની રહ્યું છે તે તને બતાવીએ છીએ. સર્વજ્ઞપિતાએ આપણને આપણો આત્મવૈભવ બતાવ્યો છે. જેમ પિતા પોતાના વહાલા પુત્રને બધો વારસો બતાવે, તેમ સર્વજ્ઞતીર્થંકરદેવ આપણા ધર્મપિતા છે; ગૌતમગણધરને મહાપુરાણમાં જિનસેનસ્વામીએ 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે, સમ્યગ્દષ્ટિને પણ જિનેશ્વરના નન્દન કહ્યા છે; એ રીતે ભગવાન સર્વજ્ઞદેવ ધર્મપિતા છે; તેમણે ચૈતન્યના અચિંત્યવૈભવનો વારસો બતાવ્યો છે. અરે જીવ! ભગવાન તને અપાર ચૈતન્યવૈભવ આપે છે, તે પ્રાપ્ત કરીને ઉલ્લાસ લાવ...ઉલ્લાસથી તારા આત્મવૈભવને અનુભવમાં લે.

અરે, ચૈતન્યના વૈભવની પવિત્રતા પાસે ઇન્દ્રપદના પુણ્યની પણ કાંઈ મહત્તા નથી...પુણ્ય એ તો વીતરાગસ્વભાવથી વિરુદ્ધભાવ છે, એ કાંઇ ચૈતન્યનો વૈભવ નથી; તો ધર્મીને તેની મહત્તા કેમ હોય? જેણે ચૈતન્યના વીતરાગી વૈભવને જાણ્યો નથી. તેને જ રાગનો ને પુણ્યનો મહિમા લાગે છે. જો ચૈતન્યના વીતરાગી વૈભવને જાણે તો એ પુણ્યનો મોહ ઊડી જાય. અરે, ચૈતન્ય–અમૃતનો ડુંગર આત્મા, એની સામે આ અચેતનના ઢગલાની શી કિંમત? સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને એનાથી ભિન્નપણે અનુભવે છે; તે સંયોગમાં સ્વપ્નેય સુખ માનતા નથી. બહારમાં તો ક્યાંય આત્માનું સુખ છે જ નહિ, બહારના પદાર્થોને તો આત્મા સ્પર્શતોય નથી, એનાથી જુદો જ રહે છે; અંદરના વિકલ્પમાંય સુખ નથી; સુખ તો આત્માના સહજ સ્વભાવમાં છે, તે સ્વભાવને જ જ્ઞાની સ્પર્શે છે, –તેને જ તન્મયપણે અનુભવે છે; આ રીતે પોતાના આત્માને સ્વમાં એકત્વરૂપ ને પરથી વિભક્ત કર્યો છે. આવો એકત્વ–વિભક્ત આત્મા જ શોભે છે, તેને જ 'શુદ્ધ' કહીએ છીએ. આચાર્યદેવ કહે છે કે– **तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण** મારા સમસ્ત આત્મવૈભવથી હું તે એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા દેખાડું છું,–તેને તમે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો.

અહા, આત્માનો મહિમા અપાર છે. રાગથી ભિન્નતા બતાવીને વીતરાગી સન્તોએ વારંવાર તેના ગાણાં ગાયા છે. તારા અનંત સ્વભાવનો તું સ્વામી છો, –તેને

જાણ ને રાગનું સ્વામીપણું છોડ; પરનું સ્વામીપણું છોડ. પોતાનો જે સ્વ–ભાવ છે તે જ પોતાનું 'સ્વ' છે, તેનો જ આત્મા સ્વામી છે. જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાય તે આત્માનું સ્વ છે ને ધર્મી તેનો સ્વામી છે. એ સિવાય બીજાનું સ્વામીપણું ધર્મીના જ્ઞાનમાંથી–શ્રદ્ધામાંથી ઊડી ગયું છે. જેનું સ્વામીપણું છે તે ભાવરૂપે જ તેના ઉત્પાદ–વ્યય–( –અભાવભાવ, ને ભાવઅભાવ ) થાય છે. ચેતનના ઉત્પાદ–વ્યય કાંઇ અચેતનરૂપે ન થાય, ચેતનના ઉત્પાદ–વ્યય ચેતનરૂપ જ થાય. –આવો વસ્તુ સ્વભાવ છે. તેમ જ્ઞાનના ઉત્પાદ–વ્યય જ્ઞાનરૂપ જ થાય, રાગરૂપ ન થાય. અહા, આવા તારા જ્ઞાનવૈભવની એકવાર હોંશથી હા તો પાડ. 'હા' પડતાં તારું પરિણમન તેવું થઇ જશે. તારા આત્માની શક્તિ અપાર છે–તેની હા પાડીને તું પરમાત્મા બની જા.

વાહ! અંદરથી શ્રદ્ધાના રણકાર કરતો આત્મા જાગી જાય–એવો આ વીરમાર્ગ છે. જેમ રણે ચડેલા રાજપૂતની વીરતા છૂપે નહિ, તેમ ચૈતન્યની સાધનાના પંથે ચડેલા ને વીરપ્રભુના માર્ગે વળેલા ધર્માત્માની વીરતા છાની રહે નહિ; એનો વૈરાગ્ય, એની શ્રદ્ધાનું જોર, એનો સ્વભાવનો પ્રેમ, એનો આત્માનો ઉત્સાહ–એ બધું મુમુક્ષુથી છાનું ન રહે. જ્ઞાનીની દશા ખરેખર અદ્ભુત હોય છે.

# મુશ્કેલી અને ઉદ્યમ

**પ્રશ્નઃ-** મુશ્કેલ કાર્ય પાર પાડવાનો ઉપાય ?

**ઉત્તરઃ-** ભાઈ, કોઇ કાર્ય તને મુશ્કેલ લાગે તો તેનો અર્થ ( તેનો ઉપાય ) એવો નથી કે તેનાથી ડરીને તારે પાછું હઠવું! પરંતુ તેને માટે તીવ્ર ઉત્સાહથી ઉદ્યમ કરવો તે તેની સફળતાનો ઉપાય છે. ઉત્સાહનું બળ મુશ્કેલ કાર્યને પણ સુગમ બનાવી દે છે. ને જેમાં ઉત્સાહ હોય તે કાર્ય કદી અશકય લાગતું નથી. રાજા રામને મોટો સમુદ્ર ઓળંગીને લંકામાં જવાનું અશક્ય ન લાગ્યું. ઉત્સાહનું બળ મુશ્કેલ કાર્યને પણ થોડા જ સમયમાં પાર પાડે છે.

રે જીવ! 'આ કાર્ય મુશ્કેલ છે' એનો અર્થ એવો નથી કે તારે તે કાર્ય કરવાનું જ માંડી વાળવું. પણ મુશ્કેલ છે એટલે તેને માટે તું વધારે ઉદ્યમ કરજે–એમ તેનો અર્થ છે. સાચા ઉદ્યમીને મુશ્કેલી નડતી નથી. આત્માના ઉત્સાહપૂર્વક સાચો ઉદ્યમ કરનાર આત્મકાર્યને અવશ્ય સાધે છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( સર્વ જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**પ્રશ્નઃ**- અનાદિકાળથી આત્મા છે ને તેનામાં ભગવાન જેટલી શક્તિ છે;–તો તે ખ્યાલમાં કેમ નથી આવતો ?

( પંકજ જૈન નં. ૩૦૬ )

**ઉત્તરઃ**- ભાઈશ્રી, જો જરાપણ ખ્યાલ ન આવતું હોત તો ઉપરની વાત તમે ક્યાંથી લખી ? ' આત્મા છે–ભગવાન જેવો છે' એવું જ્યારે તમે લખ્યું ત્યારે તે પ્રકારનો કંઇક ખ્યાલ તો આવ્યો–ત્યારે લખ્યું ને ? જેમ આટલો ખ્યાલ આવ્યો, તેમ જ્ઞાનીના ઉપદેશઅનુસાર જો અંતરમાં વધારે પ્રયત્ન કરીએ તો વધારે ખ્યાલ પણ જરૂર આવે; અને તેનો સ્પષ્ટ અનુભવ પણ થાય. – પણ જે સાચા ભાવથી અભ્યાસ કરે તેને થાય.

**પ્રશ્નઃ**- કઇ ક્રિયામાં આત્મા છે ? અને કેવળજ્ઞાન કળા કેમ ખીલે ? ( નં. ૮૯૦ જસદણ )

**ઉત્તરઃ**- આત્મા પોતાની જ્ઞાનક્રિયામાં છે; કેમકે કર્તા અને તેની ક્રિયા ( પરિણતિ ) જુદા હોતા નથી; એટલે જડની ક્રિયામાં આત્મા નથી. અને ભેદવિજ્ઞાનરૂપ સમ્યક્ વિદ્યાવડે કેવળજ્ઞાનકળા ખીલે છે.

**પ્રશ્નઃ**- શરીર સજીવ છે કે નિર્જીવ ? ( નં. ૨૬૧ સોનગઢ )

**ઉત્તરઃ**- શરીર નિર્જીવ છે. કોઇવાર શરીરના સંયોગમાં જીવ રહેલો છે તે બતાવવા તેને 'સજીવ' કહ્યું હોય તો ત્યાં પણ શરીરથી જુદો જીવ છે, ને શરીર પોતે તો નિર્જીવ ( અજીવ ) જ છે, તેનામાં જીવત્વ ( ચેતનત્વ ) નથી–એમ સમજવું.

**પ્રશ્નઃ**- શરીર હાલી–ચાલી તો શકે છે–છતાં તે નિર્જીવ કેમ ?

**ઉત્તરઃ**- ભાઈશ્રી, હાલવા–ચાલવાની શક્તિ શું જીવમાં જ છે ? ને અજીવ પુદ્ગલમાં નથી ? તમને ખબર કદાચ નહિ હોય કે–હાલવું–ચાલવું એ જીવનો ખરો સ્વભાવ નથી પણ એ તો પુદ્ગલનો સ્વભાવ છે; જીવનો સ્વભાવ તો સ્થિર રહેવાનો છે–જુઓ, સિદ્ધભગવંતો તો સદાય સ્થિર જ રહે છે, –તેઓ હાલતા–ચાલતા નથી.

હાલે ચાલે તે જીવ, ને સ્થિર રહે તે અજીવ–એવા કાંઇ જીવ–અજીવનાં લક્ષણ નથી. જાણે તે જીવ; ને ન જાણે તે અજીવ; જગતમાં તો અજીવ પદાર્થો ( ટ્રેઇનના લોઢાનાં પેડા, લાકડા, ધરતીનો ધ્રૂજારો, રેતી, વિમાન વગેરે ) હાલતાં–ચાલતાં–દોડતાં ને ઊડતાં દેખાય છે–તો શું તે જીવ છે ? નહીં, સ્પષ્ટપણે

તે રૂપી અચેતન અજીવ છે, ને આંખથી દેખાય છે. જીવ અરૂપી છે, તે આંખથી જ દેખાય. કહ્યું છે કે–

'ગુરુતા–લઘુતા ગમનતા એ અજીવકે ખેલ'

એટલે ગમન–હાલવું ચાલવું તે અજીવનો ખેલ છે (એટલે કે અજીવનો સ્વભાવ છે) – જીવનો નહિ.

**પ્રશ્નઃ-** આત્મધર્મ વાંચી ખૂબ આનંદ થાય છે. હમણાં તો ગુરુદેવના પ્રવચનમાં અનુભવની જ વાતો બહુ સરસ આવે છે. મારે પણ એવો આત્મઅનુભવ કરવો છે, તો કાંઇક ઉપાય બતાવશો? જ્ઞાન અને રાગ જુદા માનવાથી અનુભવ થઇ શકે? (દીપક જૈન દિલ્હી)

**ઉત્તરઃ-** ભાઈશ્રી, પૂ. ગુરુદેવ સદાય પ્રવચનમાં આત્મઅનુભવનું સ્વરૂપ સમજાવે છે, અને તે જ વખતે સાથે સાથે તેવો અનુભવ કરવાની રીત પણ બતાવે છે. –અને એ માટે જ તો તેમનાં પ્રવચનો છે. તે મુજબ આપણે સમજીને જો અંતરમાં તેવો ઉપયોગ કરીએ તો જરૂર અનુભવ થાય. રાગ અને જ્ઞાન જુદા–એ ખરૂં, પણ એટલું માત્ર વિકલ્પાત્મક જાણપણું તે પૂરતું નથી, અંદરના ચિન્તન વડે, રાગમાંથી ઉપયોગ છૂટો પડીને જ્ઞાન સાથે ઉપયોગ તન્મય થઇ જાય–ત્યારે સાચો અનુભવ થાય. ને ત્યારે જ જ્ઞાનને અને રાગને ખરેખર જુદા જાણ્યા કહેવાય.

બોરીવલી (મુંબઇ) થી રાજુલ જૈન લખે છે કે "બાલવિભાગનું અભિનંદન કાર્ડ બધા દીવાળીકાર્ડ કરતાં મને જુદું જ લાગ્યું. તેમાં સિદ્ધભગવાન, કુંદકુંદભગવાન, ગુરુદેવ વગેરેના માર્ગે ચાલવાની ભાવના જાગી. –આવા બીજા ઘણાય પત્રો આવ્યા હતા.

ગતાંકમાં દેડકાની વાર્તા વાંચીને ઘણાય બાલસભ્યોએ પોતાનો ઉત્સાહ લખ્યો છે.

"આત્મધર્મ મળ્યું –આત્માનો ધર્મ મળ્યો. પૂ. ગુરુદેવશ્રીનાં પરમાર્થભૂત પ્રવચનો વાંચી ઘણો ઉલ્લાસ આવે છે." –મગનલાલભાઈ ટ્રસ્ટી (સુરેન્દ્રનગર)

**પ્રશ્નઃ-** સીતાજી જેવા મહા સતીને ઘોર દુઃખ પડવાનું કારણ શું?

(નં. ૧૫૬૯ સ્વાતીબેન જૈન)

**ઉત્તરઃ-** સીતાજીનો આત્મા અમુક ભવ પહેલાં ગુણવતીના ભવમાં હતો; તે વખતે અજ્ઞાનથી તેણે મિથ્યા માર્ગનું સેવન, જિનમાર્ગની અશ્રદ્ધા અને મુનિનિંદા કરી હતી, તે કારણે સીતાના ભવમાં તેની નિંદા થઇ ને તેના ઉપર ખોટું કલંક આવ્યું. દેવ–ગુરુ–ધર્મની નિંદાથી ઘણાં તીવ્ર અશુભકર્મો બંધાય છે ને અનેક ભવ સુધી તેનું બુરું ફળ આવે છે. માટે દેવ–ગુરુ–ધર્મની નિંદા કે અવિનય કોઇ પ્રકારે પણ ન કરવો ને તેમની ભક્તિ–બહુમાન કરવું.

ગુણવતીના ભવમાં ધર્મની નિંદા કરવાથી સીતાનો જીવ ત્યારબાદ સુકરી, ભેંસ, વાનરી,

શીયાળી, હાથિણી, વગેરે અનેક તિર્યંચ ભવોમાં રખડયો ને દુઃખી થયો. હાથણીના ભવમાં એકવાર ગંગાકિનારે તે કીચડમાં ખૂંચી ગયેલ, ત્યારે એક વિદ્યાધરે તેને પંચપરમેષ્ઠીના નમસ્કારનો મંત્ર સંભળાવ્યો; ત્યાંથી મરીને તે વેદવતી પુત્રી થઈ...ત્યાં પણ, એકવાર મુનિ આહાર માટે આવેલા ત્યારે તેમની હાંસી કરી...પિતાએ તેને રોકીને ઉપદેશ આપ્યો; પછી તેણે શ્રાવિકાવ્રત અંગીકાર કર્યા. તેના પિતાને રાવણના જીવે (શંભુકુમારે) મારી નાખેલ તેથી ક્રોધપૂર્વક તેણે અજ્ઞાનીપણે નિદાન બાંધ્યું કે તેં મારા પિતાને મારી નાંખ્યા તેથી હું પણ તારા નાશનું કારણ બનીશ. (અને સીતાના ભવમાં તે રાવણના નાશનું કારણ થઈ.) સીતાજી અત્યારે સ્વર્ગમાં છે. ભવિષ્યમાં સીતાનો જીવ ચક્રવર્તી થશે અને ત્યારે રાવણનો જીવ તેનો પુત્ર થશે; પછી રાવણ જ્યારે ભરતક્ષેત્રમાં તીર્થંકર થશે ત્યારે સીતાનો જીવ તેમના ગણધર થશે. –કેવી વિચિત્રતા છે જીવના પરિણામોમાં! ઊલટા પરિણામોને ક્ષણમાત્રમાં જીવ સુલટાવી શકે છે.

(વિશેષ પાનું ૩૩ માં)

**વૈરાગ્ય સમાચારઃ-** સુરતમાં ડો. પી. વી. શાહનાં માતુશ્રી ગત તા. ૧૩-૧-૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; દેવ-ગુરુના શરણે સત્સંગ પામીને તેઓ આત્મહિત પામો.

## ઉદ્ઘાટન

હું જ્યાં જન્મું ત્યાં મારા કાનમાં સૌથી પહેલો "અર્હંત" શબ્દ શ્રવણમાં આવો.
'અર્હંત' દ્વારા જ મારા કર્ણનું ઉદ્ઘાટન થાઓ.
અર્હંતદર્શન દ્વારા જ મારા નેત્રનું ઉદ્ઘાટન થાઓ.
અર્હંતસ્તવન દ્વારા જ મારી જીવ્હાનું ઉદ્ઘાટન થાઓ.
અર્હંતચરણના સ્પર્શનવડે મારા હાથનું ઉદ્ઘાટન થાઓ.
અર્હંત-ગુણોના ચિન્તન વડે મારા મનનું ઉદ્ઘાટન થાઓ.
અર્હંતમાર્ગની સેવામાં જ મારું જીવન વીતો.

(-એક જૈન બાળકની ભાવના)

## ભૂત!

ભૂત ક્યાં રહે છે?
ભૂત ભ્રમણામાં રહે છે.
ભ્રમણા એ જ મોટું ભૂત છે.
શાસ્ત્રમાં મિથ્યાત્વને મોટું ભૂત કહ્યું છે.
જો કે દેવગતિમાં 'ભૂત' જાતના વ્યન્તર
દેવો છે, પરંતુ તે ભૂત-દેવો જીવને એવા
હેરાન નથી કરતા કે જેવું મિથ્યાત્વરૂપી
ભૂત હેરાન કરે છે! માટે ભ્રમણારૂપી
ભૂતને દૂર ભગાડો.

**પ્રશ્નઃ-** ‘આત્માને રીઝવવા ખાતર જગતને વેચાય પણ જગતને રીઝવવા ખાતર આત્માને ન વેચાય? –આનો અર્થ શો થાય છે તે લખશો. (K.J.Jain : લાઠી)

**ઉત્તરઃ-** ભાઈ, તમારો પ્રશ્ન મજાનો છે. તેનું વિવેચન તો ઘણું થઇ શકે, પણ આ વિભાગમાં ટૂંકમાં જ ઉત્તર આપવા પડે છે. જ્યાં આત્માનું કલ્યાણ થતું હોય એવા પ્રસંગ (ધર્માત્માનો સત્સંગ વગેરે) માટે જગતની ગમે તેવી પ્રતિકૂળતા આવે તો પણ ડગવું નહિ, અને જગતની ગમે તેવી અનુકૂળતા આવે તોપણ તેનાથી લલચાઈ પોતાના આત્મહિતનો માર્ગ છોડવો નહીં. મરણનો (એટલે કે દેહ છૂટવાનો) પ્રસંગ આવે તો મંજુર કરવો પણ આત્મહિતના માર્ગને છોડવો નહિ. મુમુક્ષુને જે સંતો પાસેથી આત્મહિતનો માર્ગ મળતો હોય તે સંતો જગતમાં તેને સૌથી વહાલા હોય.

ભગવાનના દર્શન કરતી વખતે બોલવાની એક સ્તુતિ છે તેમાં આવે છે કે–

**જિનધર્મ વિનિર્મુક્તો મા ભવત્‌ચક્રવર્ત્યપિ સ્યાત્‌ચેટોપિ દરિદ્રોપિ જિનધર્માનુવાસિતઃ**

એટલે કે, જૈનધર્મથી રહિત એવું ચક્રવર્તીપણું હોય તોપણ તે ઇચ્છનીય નથી. અને જિનધર્મમાં અનુવાસસહિત કદાચ દરિદ્રસેવકપણું હોય–તોપણ તે ઈષ્ટ છે. મુમુક્ષુને આત્મા અને ધર્માત્મા કરતાં વધારે વહાલી જગતમાં કોઈ ચીજ ન હોય. “જગત ઈષ્ટ નહિ આત્મથી મધ્યપાત્ર મહાભાગ્ય!”

## मुख फेरना पडेगा-

### (એક પંડિતજીની વાત)

સં. ૨૦૦૬ના ફાગણ સુદ પાંચમે રાજકોટમાં પંચકલ્યાણક મહોત્સવમાં ઇન્દ્રપ્રતિષ્ઠા પ્રસંગે ગુરુદેવ પ્રત્યે ઉલ્લાસ વ્યક્ત કરતાં પ્રતિષ્ઠાચાર્ય પં. મુન્નાલાલજીએ જણાવ્યું હતું કે– આપશ્રી જૈસા પ્રભાવશાલી પુરુષ બહુત વર્ષોમાં હુઆ હો એૈસા મેરે ખ્યાલમેં નહીં હૈ! લોગ પૂછા કરતે હૈં કિ આત્માકા ભાન કૈસે હો ઔર આત્માકા ધ્યાન કૈસે હો? મૈં ઉસે દ્રઢતાપૂર્વક કહતા હું કિ યદિ આત્માકા જ્ઞાન ઔર ધ્યાન કરના હો તો તુમ્હારા મુખ સોનગઢકી સન્મુખ ફેરના પડેગા.

(પંચકલ્યાણકપ્રવચનઃ પૃઃ ૧૭૯)

**પ્રશ્નઃ-** જગતમાં કઇ વસ્તુ ઉપમારહિત છે? (V.K.Jain : અમદાવાદ)

**ઉત્તરઃ-** ચૈતન્યવસ્તુ અને તેનું સિદ્ધપદ. (સમયસારની પહેલી ગાથા વાંચજો.) જોકે કેવળજ્ઞાન, મુનિદશા કે સમ્યગ્દર્શન તે પણ ઉપમારહિત છે, કેમકે બીજાની ઉપમાવડે તેને ઓળખાવી શકાતા નથી.

**પ્રશ્નઃ-** જગતમાં કઇ વસ્તુ એવી છે કે જે સદાય સુખ આપે?

**ઉત્તરઃ-** આપણો આત્મા પોતે જ

## “શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન
## સ્વયં જ્યોતિ સુખધામ !”
## આતમરામ સુખધામ છે,
## પછી બીજાનું શું કામ છે ?

**પ્રશ્નઃ-** ભગવાન પંચપરમેષ્ઠીમાં વધારે ઉપકારી કોણ છે ?

**ઉત્તરઃ-** પાંચે પરમેષ્ઠી ભગવંતો ઉપકારી છે; વધારે ઉપકારી કોને ગણવા– તે તો જીવના પરિણામ ઉપર આધાર છેઃ જેમકે કોઇવાર એમ બને કે અરિહંતદેવના સમાગમમાં પણ જીવ સમ્યગ્દર્શનાદિ ન પામ્યો ને કોઇ મુનિરાજ વગેરેના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યો. –તો તેને માટે તો મુનિરાજ મહા ઉપકારી થયા. ઋષભદેવના જીવને જુગલીયાના ભવમાં પ્રીતિંકર મુનિરાજે પ્રતિબોધીને સમ્યક્ત્વ પમાડયું, – એટલે તેમને માટે તો તે મહા ઉપકારી થયા. પણ સમુચ્ચયપણે અરિહંતભગવાન જગતના સર્વોત્તમ ઉપકારી છે, કેમકે તેઓ શાસનના પ્રવર્તક છે, મોક્ષમાર્ગના નેતા છે.

**પ્રશ્નઃ-** હું કોણ છું ? ( M.S.JAIN )

**ઉત્તરઃ-** “હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે

કંઇ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે !”

( –આવા આત્માની અનુભૂતિ કરતાં ખબર પડે છે કે હું કોણ છું ? )

### નવ નામ-

( ૧ ) સુદર્શન ( ૨ ) અમોઘ ( ૩ ) સુપ્રબુદ્ધ
( ૪ ) યશોધર ( ૫ ) સુભદ્ર ( ૬ ) વિશાલ
( ૭ ) સુમન ( ૮ ) સૌમન અને
( ૯ ) પ્રીતિંકર.

–આ કોઈ મનુષ્યોનાં નામ નથી પણ ૧૬ સ્વર્ગોથી ઉપર જે દેવોનાં રહેઠાણ છે તેમાંથી નવ ગ્રૈવેયકનાં આ નામ છે. આ ગ્રૈવેયકોમાં મિથ્યાદ્રષ્ટિ જીવો થોડા છે ને સમ્યગ્દ્રષ્ટિ ઝાઝા છે. આ ગ્રૈવેયકોની ઉપર પછી નવ અનુદિશ વિમાનો છે, તેમાં બધા જીવો સમ્યગ્દ્રષ્ટિ છે. અને છેલ્લે પાંચ અનુત્તર વિમાનો ( સર્વાર્થસિદ્ધિ વગેરે ) છે; ત્યારપછી અમુક અંતરે સિદ્ધશિલા છે ને તેનાથી ઉપર અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે...તેમને નમસ્કાર હો.

**મુસાફરને-**

मुसाफिर हो जा तू होशियार,
जगतमें जीवन है दिन चार।
तेरा यहाँ न कोई अपना,
जीवन है झूठा सपना।
आय अकेला जाय अकेला,
देखले जीवन अपना।
संतो ने जो ज्ञान सुनाया,
उससे होता बेडा पार।।
मुसाफिर हो जा तू होशियार,
जगतमें जीवन है दिन चार।

( ‘श्रमण’ માંથી સાભાર )

**પ્રશ્નઃ**- દયા તે ધર્મ છે?

**ઉત્તમઃ**- હા; નિશ્ચયદયા તે નિશ્ચયધર્મ છે, ને વ્યવહારદયા તે વ્યવહારધર્મ છે. વીતરાગભાવ તે નિશ્ચયદયા (સ્વદયા) છે, ને તેનું ફળ મોક્ષ છે. કરુણા ભાવરૂપ શુભરાગ તે વ્યવહારદયા છે ને તેનું ફળ સ્વર્ગ છે. પરંતુ શુભરાગરૂપ જે વ્યવહારદયા છે તે નિશ્ચયધર્મ નથી, ને તેનું ફળ મોક્ષ નથી. નિશ્ચયધર્મ તો વીતરાગભાવ જ સમજવો.

**કેવી આનંદની વાત!**

ભૂતકાળમાં જેમણે ભગવાનને સેવ્યા. ભવિષ્યમાં જેઓ ભગવાન થશે ને વર્તમાનમાં જેઓ ભગવાનના માર્ગે ચાલી રહ્યા છે એવા સંતોની સાથે ને સાથે આપણે તેમના માર્ગે જવાનું છે.

–કેવી આનંદની વાત!

મદાયા (બરમા) થી બાલસભ્યો દીનેશ અને મીનાબેન લખે છે કે–અમને અહીં ઋષભદેવ ભગવાનનું જીવનચરિત્ર મળ્યું છે તે વાંચી અમને ઘણો જ આનંદ થાય છે. આવા અનાર્યદેશમાં અમને આવું શાસ્ત્ર મળ્યું – અહો! અમારા ભાગ્ય! તમારો ઘણો ઉપકાર માનીએ છીએ. ગુરુદેવને ભક્તિપૂર્વક નમસ્કાર; બાલવિભાગના બધા સાથીઓને યાદી. (સાથે અનેક પ્રશ્નો લખ્યા છે; તેના જવાબ હવે પછી આપીશું)

જેતપુરથી મુકેશ જૈન લખે છે– "નવો અંક હાથમાં લેતાં જ હર્ષ અનુભવ્યો... નવા વર્ષની ઉત્તમ બોણી મળી...પ્રવચનની મીઠી પ્રસાદી પણ મળી. 'સંતોનો સિંહનાદ' ગમ્યો...કે જે આત્માને જગાડે છે. 'રત્નસંગ્રહ' પુસ્તક રત્ન સમાન છે. તેમાંના એકેક રત્ન મહાન અને આત્માનો રાહ દેખાડનારા છે; બાલવિભાગ શરૂ થયો ત્યારથી અમે ચીવટપૂર્વક અભ્યાસ કરીએ છીએ, ને અમૃતરૂપી વાંચનથી રોમરોમમાં ધન્યતા અનુભવાય છે.

(ભાઈશ્રી, આપના સૂચનો લક્ષમાં લીધા છે...પ્રશ્નોના જવાબ હવે પછી; પત્રો જરા ટૂંકા લગાય તો અમને વિશેષ અનુકૂળતા રહે.)

નૂતન વર્ષના અભિનંદન કાર્ડ બાબત કેટલાય સભ્યોએ આનંદ વ્યક્ત કર્યો છે. જલગાંવથી અનિલ જૈન લખે છે કે– અભિનંદન કાર્ડ મળ્યું; ખૂબ આનંદ! કાર્ડમાં લખેલું લખાણ ખૂબજ સરસ હતું અને ધાર્મિકદ્રષ્ટિએ અસરકારક હતું. તેમાં પણ 'પ્રભુજી! તારા પગલે પગલે મારે આવવું રે..' એ તો ખૂબ જ ગમ્યું. અમારા ઉપર –સૌ બાળકો ઉપર સન્તોના આશીર્વાદ કાયમ રહો– એ જ અભ્યર્થના. અમદાવાદથી રોમેશ જૈન લખે છે કે "અભિનંદન કાર્ડ માટેનો સુંદર નવા વિચારવાળો ફોટો ધાર્મિક પ્રેરણા આપે છે–તે આવકારવા યોગ્ય છે." માયાબેન જૈન રાજકોટથી લખે છે કે નવા વર્ષના અભિનંદન વાંચતાં અમને ધર્મનો ઘણો ઉત્સાહ થયો છે.




આ નાનકડા બાલવિભાગે જૈન સમાજના હજારો બાળકો ઉપર ચમત્કારિક અસર કરી છે, તેથી તેમાં રસ લેનાર સુશિક્ષિત બાળકોની સંખ્યા બે હજાર ઉપર પહોંચી ગઈ છે. સમાજમાં ધર્મના સાચા સંસ્કારોના મૂળીયા રોપી રહેલા આ વિભાગને વિકસાવવા કેટલાય જિજ્ઞાસુઓ તરફથી હાર્દિક પ્રોત્સાહન મળી રહ્યું છે તે બદલ સૌનો આભાર! બે હજાર બાળકો પોતે જ પોતાના આ વિભાગને હોંસથી વિકસાવી રહ્યા છે. ને તેમનાં વડીલો તેમાં સાથ આપી રહ્યા છે. હજી વધુને વધુ વ્યવસ્થિતપણે આ વિભાગ વિકસાવવાની જરૂર છે. નવા સભ્યોનાં નામ–

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૫ રશ્મીબેન જયંતિલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૦૧૫ નયનાબેન જે. જૈન | મુંબઈ–૨૮ |
| ૨૦૦૬ રાજેન્દ્રકુમાર જયંતિલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૦૧૬ રૂપલબેન જે. જૈન | મુંબઈ–૨૮ |
| ૨૦૦૭ ભૂપેન્દ્રકુમાર રમણીકલાલ જૈન | રાજકોટ | ૨૦૧૭ ચેતનાબેન રમણીકલાલ જૈન | જામનગર |
| ૨૦૦૮ રાજેન્દ્રકુમાર આર. જૈન | રાજકોટ | ૨૦૧૮ પ્રતીભાબેન ચંદુલાલ જૈન | કોચીન |
| ૨૦૦૯ શૈલેશકુમાર આર. જૈન | રાજકોટ | ૨૦૧૯ જિનેશકુમાર ચંદુલાલ જૈન | કોચીન |
| ૨૦૧૦ દર્શનાબેન રમણીકલાલ જૈન | રાજકોટ | ૨૦૨૦ રોહિતકુમાર જસવંતલાલ જૈન | અમદાવાદ |
| ૨૦૧૧ નયનાબેન આર. જૈન | રાજકોટ | ૨૦૨૧ વર્ષાબેન જસવંતલાલ જૈન | અમદાવાદ |
| ૨૦૧૨ નીતાબેન આર. જૈન | રાજકોટ | ૨૦૨૨ કીર્તિકુમાર જગદીશચંદ્ર જૈન | જામનગર |
| ૨૦૧૩ નરેશકુમાર જયંતિલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૦૨૩ રેખાબેન જગદીશચંદ્ર જૈન | જામનગર |
| ૨૦૧૪ નીતાબેન જે. જૈન | મુંબઈ–૨૮ | ૨૦૨૪ દેવજી હરિભાઈ જૈન | મુંબઈ–૩૪ |

દરેક સભ્યોને ધાર્મિકરસ માટે ધન્યવાદ! ધર્મના અભ્યાસમાં સૌ ઉત્સાહથી ભાગ લેશો..

## આપણા બાલવિભાગની ત્રણ વાત-

( ૧ ) હંમેશાં જિનેન્દ્રદેવનાં દર્શન. ( ૨ ) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. ( ૩ ) રાત્રિ ભોજનનો ત્યાગ.

બંધુઓ, આ ત્રણ વાતની તો ઘણા ખરા સભ્યોએ ટેવ પાડી છે; જેઓ તે પ્રમાણે ન કરતા હોય તેઓ તેનો પ્રયત્ન જરૂર કરજો. અને હવે એક ચોથી વાત તમારી પાસે રજુ કરવાની છે...જેમાં એક વસ્તુ છોડવાની છે; આમ તો તે સાવ સહેલી વાત છે, પણ અત્યારના જમાનામાં કુમળા બાળકોને માટે તે ખાસ જરૂરી છે...મને ખાતરી છે કે તમે બધાય સભ્યો હોંશથી તે અપનાવશો. શું હશે તે વસ્તુ? એ વાત આવતા અંકમાં. **-जयजिनेन्द्र।**

## પાંચ પ્રશ્નો-

( ૧ ) તિર્યંચને તો પાંચ છે, દેવ–નારકને ચાર.
મનુષ્યને તો ચૌદ છે, એનો કરો વિચાર.

( ૨ ) એક મહાત્મા એવા કે જેમને સમસ્ત શ્રુતનું જ્ઞાન છે, છતાં પણ તેમને શ્રુતજ્ઞાન નથી; –તો એ કોણ ?

( ૩ ) બીજા એક મહાત્મા એવા કે જેને શ્રુતજ્ઞાન છે અને શ્રુતનું પણ જ્ઞાન છે, –તે કોણ ?

( ૪ ) જગતમાં સિદ્ધભગવાન ઝાઝા કે મનુષ્યો ઝાઝા ?

( ૫ ) નીચેના તીર્થંકરોને શોધી કાઢો–

૧. એવા કયા તીર્થંકર છે કે જેમના પુત્ર ચક્રવર્તી થયા હોય ? ...
૨. એવા કયા તીર્થંકર છે કે ફાગણ વદ નોમે જન્મ્યા હોય ?
૩. એવા કયા તીર્થંકર છે કે જેમને ૧૦૧ પુત્રો હોય ? ને તે બધાય પુત્રો તે જ ભવમાં મોક્ષ પામ્યા હોય ?
૪. એવા કયા તીર્થંકર છે કે જેમના પુત્રો જ તેમના ગણધરો થયા હોય ?
૫. એવા કયા તીર્થંકર છે કે જેમને બે ઉત્તમ પુત્રી હોય ?

## અંતરીક્ષ પાર્શ્વનાથ ( શિરપુર, મહારાષ્ટ્ર )

અહીં પાર્શ્વનાથ ભગવાનનું એક પ્રાચીન જિનમંદિર છે તેમાં ગત તા. ૩–૧૧–૬૭ ના રોજ જે એક દુઃખકર ઘટના બની, તે સંબંધી જૈનસમાજના કેટલાક ગુજરાતી પત્રોમાં તેમજ બીજા પત્રોમાં તદ્દન ઉપજાવી કાઢેલા વિકૃત અહેવાલો જોવામાં આવ્યા; તેથી તે સંબંધી સત્ય હકીકત ટૂંકમાં અહીં આપીએ છીએઃ અહીંનું મંદિર મૂળ પ્રાચીન દિગંબર હતું પણ પાછળથી વાદવિવાદ ઊભો થતાં, મંદિરમાં દિગંબર તેમજ શ્વેતામ્બર બંનેને માટે દર્શનપૂજનનો અલગ–અલગ સમય નક્કી કરવામાં આવ્યો હતો. મંદિર ભોંયરામાં છે ને અંદર જવાઆવવાનો માર્ગ અત્યંત સાંકડો છે. ત્રીજી તારીખે ૧ થી ૧ાા વચ્ચે ( જ્યારે દર્શનપૂજનનો ટાઈમ દિગંબરસમાજનો હતો ત્યારે ) શ્વેતાંબરસમાજના અને તેમના પ્રેરેલા અન્યમતના કેટલાક માણસોએ ક્રૂરપણે હૂમલો કરીને દિગંબરસમાજના કેટલાક માણસોને ઘાયલ કર્યા...કંઇક અંશે કેસરીયાજીના હત્યાકાંડને યાદ કરાવે એવો એ બનાવ બની ગયો. દિગંબરો ઉપર થયેલા આ હુમલાથી દુઃખીત થઇને બીજે દિવસે

શિરપુર ગામમાં હડતાલ પાડી, તેમજ તેના વિરુદ્ધ એક ઠરાવ પણ થયો. ઇતિહાસલેખક શ્વેતાંબર સાધુઓએ પણ શિરપુરના આ પ્રાચીન મંદિરને દિગંબર મંદિર તરીકે વર્ણવ્યું છે. આ સંબંધી મરાઠીભાષામાં ઉલ્લેખ આ પ્રમાણે છે– **“ही तीर्थे दिगम्बरी आहेत असा सत्य इतिहास श्वेताम्बरी आचार्यानीही लिहीलेहा आहे।” “श्वेताम्बरी साधु श्री शीलविजयजी यांनीही हेच लिहून ठेवले आहे की शिरपुर येथील प्राचीन मंदिरे दिगम्बरीच आहेत।”** આમ છતાં, તા. ૩–૧૧–૬૭ની બપોરે દર્શનપૂજન માટે આવેલા દિગમ્બર સમાજના જે માણસોને હૂમલાથી ઈજાઓ થયેલ છે તેમના નામ–ઠામ ને ફોટા સહિત બનાવની વિગત નાગપુરની એક કલબ દ્વારા પ્રકાશીત થઈ છે. ઇજા પામેલા બધા જ દિગંબરો છે, શ્વેતામ્બર કોઇ નથી. તોફાન કરનારા કેટલાક માણસોને પોલીસે અટકમાં પણ લીધા હતા. આપણે આશા રાખીએ કે સમાજ ઉપર આવેલ આ ઉપદ્રવ ભગવાન પારસનાથની ભક્તિના પ્રતાપે દૂર થાય...ને આનંદપૂર્વક સૌ પાર્શ્વનાથ પ્રભુના દર્શન–પૂજન કરી શકે એવું શાંત વાતાવરણ સરજાય અને વીરપ્રભુના નિર્વાણનો નજીક આવી રહેલ અઢીહજારમો મહોત્સવ અડધા કરોડ ઉપરાંત જૈનો હળીમળીને આનંદથી ઉજવીએ.

(બીજો એક ખુલાસોઃ અહીંના પાર્શ્વનાથ ‘અંતરીક્ષ’ કહેવામાં આવે છે; આપણે ગુરુદેવ સાથેની યાત્રામાં આ પ્રતિમાજીના સાક્ષાત્ દર્શનપૂજન કર્યા છે. આ પ્રતિમા જમીનથી અદ્ધર રહેતી હોય એવો કોઈ ચમત્કાર ભૂતકાળમાં બન્યો હોય તો તે અસંભવિત ન ગણી શકાય; પરંતુ વર્તમાનમાં તો તે પ્રતિમાજી જમીનને સ્પર્શીને બિરાજમાન છે. પ્રતિમાની બેઠકની નીચે ચાર નાના પાયા છે, તેમાંથી સામસામા બે પાયા ટૂંકા છે, એટલે તે બે પાયા જમીન સુધી પહોંચતા નથી પણ બાકીના બે પાયા જમીનને સ્પર્શે છે. એટલે બે પાયા વચ્ચેના પોલાણમાંથી કપડું વગેરે સહેજે પસાર થઈ શકે–તે કાંઈ આશ્ચર્ય નથી. અને, આપણે કાંઇ એવા કોઇ આશ્ચર્યને નથી પૂજવો, આપણે તો ભગવાનની વીતરાગતાને પૂજવી છે. આપણા ભગવાનની વીતરાગતા ને સર્વજ્ઞતા એ જ જગતનું સૌથી મહાન આશ્ચર્ય છે. जय पारसनाथ)

**કહાનનગર-સોસાયટીનું શિલાન્યાસઃ-** સોનગઢમાં કહાનગર–સોસાયટીનું શિલાન્યાસ માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરીના સુહસ્તે તા. ૨૨–૧–૬૮ના રોજ થયું. રાજકોટ–ભાવનગર અને પાલીતાણા રોડના ક્રોસીંગ પાસેની જગ્યામાં ૬૦ જેટલા બ્લોકસની આ સોસાયટી થવાની છે, જેમાંથી ઘણાખરા બ્લોકસ નોંધાઈ ગયા છે. શિલાન્યાસપ્રસંગે ગુરુદેવે માંગળિક સંભળાવ્યું હતું.

# માતાના મંગલ-આશીર્વાદ

ઉત્તમકાળમાં આદર્શ માતાઓ પારણામાંથી પણ પોતાનાં બાળકોને ધાર્મિક સંસ્કારોનું સીંચન કરતી...ઘરે ઘરે "શુદ્ધોસિ...બુદ્ધોસિ" ...નાં હાલરડાં ગવાતાં. માતા પોતાના પુત્રને ધર્માત્માઓની જીવનકથા કહેતી, બાળપણથી જ મુનિઓના ગુણગાન સંભળાવતી...મુનિવરોનું આનંદમય જીવન સમજાવીને બાળકના હૃદયમાં તેનાં બીજડાં રોપતી.

જ્યારે બાળક મોટો થયો–આઠદશ વર્ષનો, ત્યારે એકવાર માતાએ હસતાં–હસતાં તેને પૂછયું: બેટા ! તારે મુનિ થવું છે ?

તે સાંભળતાં બાળક ઉત્સાહથી બોલી ઊઠયો: બા ! આશીર્વાદ આપ, કે હું મુનિદશા પામું !

**માતા:-** અહો પુત્ર ! ધન્ય છે એ મુનિદશા ! મારો પુત્ર મુનિદશા પામે તો હું મારી કુંખને ધન્ય સમજું છું. બેટા ! તારી પહેલાં ત્રણ ત્રણ સુભાગી પુત્રોએ મુનિ થઈને આ માતાની કુંખને શોભાવી છે. તેમ તું પણ તારા મુનિ–બંધુઓનો અનુગામી થા...અને મારી કુંખને શોભાવ–એવા મારા આશીર્વાદ છે.

**પૂત્ર:-** ધન્ય છે માતા... તારા જેવી ધર્મવત્સલા માતાઓથી જ આ પૃથ્વી શોભી રહી છે. પોતે જ પોતાના પુત્રને વૈરાગ્યમાર્ગમાં દોરે એવી જનેતા આ જગતમાં બહુ વિરલ છે. માતા ! તારા પવિત્ર આશીર્વાદને હું 'આજે જ' ઝીલીશ.

**માતા:-** પુત્ર ધન્ય છે તને ! મારા જેવી માતાની કુંખે અવતાર લઈને મારો પુત્ર સંસારમાં રૂલે એ હું કેમ જોઈ શકું ? મારા પુત્રને સંસારની જેલમાં હું કેમ દેખી શકું ? વત્સ ! શીઘ્ર સંસારબંધનને તોડીને તું મુક્તિમાર્ગે સંચર. તને મારા જેવી માતા મળી અને હવે તારે બીજી માતા ધારણ કરવી પડે તો તો મારી કુંખ લજવાય.

**પુત્ર:-** નહિ, નહિ, માતા ! હું તારી કુંખ નહિ લજવાઉં...માતા તું મારી છેલ્લી માતા છો...હવે બીજી માતા નહિ કરું. માતા, તારી પાવનકુંખ મુક્તિગામી પુત્રને જ અવતાર દેનાર છે. હું આ જ ભવે મોક્ષ પામીને તારી કુંખ ઉજવાળીશ–તે માટે અંતરમાં જોયેલો જે સ્વાનુભૂતિનો માર્ગ તેને સાધવા આજે જ હું જાઉં છું.



(આદર્શ માતા–પૂત્રનો સંવાદ અહીં રજુ કર્યો છે...આજેય હજારો બાળકોને એમની માતાઓ એવા આદર્શ જીવનને ભાવે છે; કેટલીયે માતાઓ હોંશેહોંશે પોતાના બાળકને આત્મહિતના ઉત્તમ સંસ્કારોનું સીંચન કરી રહી છે. ધન્ય છે તે માતાઓને.. ધન્ય છે તે પુત્રોને.)

# ચાર ચિત્રોનો પરિચય

( ગતાંકમાં તીર્થયાત્રા પ્રસંગના ચાર ચિત્રો આપ્યા હતા, અહીં તેનો પરિચય આપ્યો છે. )

( ચિત્રઃ ૧ ) વિદેહક્ષેત્રના સીમંધરનાથને વંદન કરી રહેલા મહા મુનિરાજ કુંદકુંદાચાર્યદેવનું આ પાવનદશ્ય છે. મધ્યપ્રદેશમાં આવેલ બડવાની નગરમાં 'ચૂલગિરિ' પર્વત છે. ત્યાંથી કુંભકર્ણ ઇન્દ્રજીત વગેરે સાડાત્રણ કરોડ મુનિવરો સિદ્ધિ પામ્યા હોવાથી તે સિદ્ધિધામ છે; તે ઉપરાંત પર્વતમાં જ કોતરેલી બાવનગજ ( ૭૮ ફૂટ જેટલી ) ઊંચી, ભગવાન ૠષભદેવની મૂર્તિને લીધે આ તીર્થ 'બાવનગજાતીર્થ' તરીકે પણ પ્રસિદ્ધ છે. અને કુંદકુંદાચાર્યદેવની આ પ્રતિમા તે આ ચૂલગિરિની ત્રીજી વિશેષતા છે. લગભગ ત્રણ ફૂટની દેરીમાં દોઢ ફૂટની મૂર્તિ છે. આમ તો નાનકડી દેરીમાં આવી ત્રણ પ્રતિમાઓ છે, જે ખૂબ જુની ઘસાઈ ગયેલી છે. સામાન્યપણે મુનિની મૂર્તિ ધ્યાનસ્થ હોય છે; પણ અહીં, કુંદકુંદપ્રભુએ વિદેહક્ષેત્રના તીર્થંકર પાસે જઈને સાક્ષાત્ વંદના કરી હતી તે પાવન ઐતિહાસિક પ્રસંગની યાદીસૂચક આ પ્રતિમા પૂર્વદિશાસન્મુખ હાથ જોડીને વંદના કરી રહેલ છે. પગ પાસે કમંડલ ને હાથમાં મોરપીંછી દેખાય છે. ગુરુદેવ સહિત સેંકડો યાત્રિકોએ સં. ૨૦૧૩ માં જ્યારે આ કુંદકુંદપ્રભુની પ્રતિમાના દર્શન કર્યા ત્યારે સૌને ઘણો જ આહ્લાદ થયો હતો. આપણા સોનગઢના સમવસરણમાં જે કુંદકુંદપ્રભુની પ્રતિમા છે તે પણ લગભગ એવી જ છે. ( વિશેષ વર્ણન માટે મંગલતીર્થયાત્રા પુસ્તક પૃ. ૫૫ થી ૬૮ વાંચો. )

( ચિત્રઃ ૨ ) આ ચ્રિત્રમાં પોન્નૂરતીર્થના પહાડ ઉપર પૂ. બેનશ્રી અને પૂ. બેન બંને નજરે પડે છે; આજે કદાચ એમની નાજુક તબીયત જોતાં આશ્ચર્ય થશે કે તેઓ પગે ચાલીને પોન્નૂર પર્વત કેમ કરીને ચઢી ગયા હશે!! પણ એ તો કુંદકુંદપ્રભુજીનું ધામ...ને એમના હૃદયની ભક્તિ!! અને વળી ગુરુદેવ સાથેની યાત્રાનો પ્રસંગ!! એટલે ઉમંગમાં ને ઉમંગમાં ડોળીની રાહ જોયા વગર એમણે તો ચડવા માંડયું. પોન્નૂર પહાડ ઉપર! ને થોડીવારમાં પહોંચી ગયા. કુંદકુંદપ્રભુજીના ચરણોની સમીપમાં. ઠેઠ પર્વત ઉપર પહોંચીને જરા વાર થાક ખાવા બેઠા છે...એ પ્રસંગનું આ મધુર દશ્ય છે.

( ચિત્રઃ ૩ ) આ પવિત્ર પગલાં પ્રભુ કુંદકુંદાચાર્ય દેવનાં છે. મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર ગામ પાસે પોન્નૂર પહાડ છે. ( પોન્નૂર એટલે સોનાનો પર્વત ) કુંદકુંદપ્રભુની આ તપોભૂમિ છે, તેઓ અહીં ધ્યાન કરતા હતા. "વે ગુરુ ચરણ જહાં ધરે, જગમેં તીરથ તેહ" એનું સાક્ષાત્ ઉદાહરણ આ પર્વત છે. ચરણપાદૂકા ઉપર ચંપાનું વૃક્ષ નજરે પડે છે. ગુરુદેવે સંઘસહિત મહાન ઉલ્લાસથી બે વાર આ તીર્થની યાત્રા કરી છે.

( ચ્રિત્રઃ ૪ ) કુંથલગિરિ–સિદ્ધક્ષેત્રની ધર્મશાળામાં ફાગણ વદ એકમની રાત્રે ભક્તિ દ્વારા યાત્રાસંઘના બહેનો સિદ્ધક્ષેત્રની યાત્રાનો મહાન હર્ષ વ્યક્ત કરી રહ્યા છે– તેનું આ દશ્ય છે. વચમાં પૂ. બેનશ્રી–બેન બેઠેલા છે. કુંથલગિરિથી દેશભૂષણ અને કુલભૂષણ મુનિ મોક્ષ પામ્યા છે. બે દિવસમાં સંઘે ત્રણ વખત આ રળિયામણા તીર્થની ઘણી ઉલ્લાસભરી યાત્રા કરી. ( તેનું આનંદકારી વર્ણન વાંચવા માટે જુઓ આત્મધર્મ અંક ૧૮૯ )



( ૧ ) બડવાની ચૂલગિરિ પર્વત પર



( ૨ ) પોન્નૂરના પહાડ પર



( ૩ ) પોન્નૂર તીર્થમાં પવિત્ર પગલાં



( ૪ ) કુંથલગિરિસિદ્ધિધામની યાત્રાનો ઉલ્લાસ

પૂ. ગુરુદેવ સાથેની તીર્થયાત્રાપ્રસંગનાં આ ચાર ચિત્રોના પરિચય માટે સામે પાને જુઓ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( પ્રતઃ ૨૫૦૦ )



ATMADHARMA
Regd. No. G. 182

આ ભાગ્યશાળી
વાઘનું દ્રશ્ય
કયાંનું છે ?
ઓળખી કાઢો.

ધન્ય છે વાઘ તને !
કે તને આવા મહા–
પુરુષનો સ્પર્શ થયો,



જો જો હો...આ કાંઈ સરહદનું દ્રશ્ય નથી...તો કયાંનું દ્રશ્ય છે ?
... યાદ આવે છે પંદરની સાલની એ વાત ?